

## વચનામૃત

જેને પરમેશ્વરને વિષે પ્રીતિ હોય તેને તો પરમેશ્વર વિના બીજા કોઇ પદાર્થમાં પ્રીતિ ન હોય, અને પરમેશ્વર વિના બીજું જે જે પદાર્થ અધિક જણાય તેનો જે અતિશય ત્યાગ કરે તે ત્યાગ ખરો છે. અને તે પદાર્થ નાનું હોય અથવા મોટું હોય પણ તેનો જે ત્યાગ કરવો તેનું જ નામ ત્યાગ કહેવાય. અને જે પદાર્થ ભગવાનના ભજનમાં આડું આવતું હોય તેને તો ન તજી શકે, ને બીજો ઉપરથી તો ઘણો ત્યાગ કરે પણ તેનો તે ત્યાગ વૃથા છે. (ગ. મ. પ્ર. ॥૫૭॥ ૧૯૦)

કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

# વાવડ

RNI No. 27550/74 BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ★ કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

www.vavaddaily.com

51 YEARS ANNIVERSARY

E-mail : vavaddaily@gmail.com

page 4 Ratail price Rs. 0.60, Annual subscription Rs. 150, Year : 51 , Mo. 98797 65225, Reg. NO. G-KCH-018/2024/26 બુધવાર WEDNESDAY 02-04-2025 Issue 158

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER , PRB એક્ટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર


તંત્રી સ્થાનેથી... સાવધાન

## વકફ બોર્ડની મનમાની પર આજે ચાલશે લોકસભાનું બુલડોઝર ?

@ રામ કરશનદાસ ઠક્કર

આજે દેશભરમાં ભારે ચર્ચાસ્પદ બની રહેલા વકફ સંશોધન બિલની લોસભામાં રજુઆત થવા થઈ રહી છે. આ બિલ પર વિપક્ષે વિરોધની સાથે તેના પર ૧૨ કલાક ચર્ચાની માગણી કરી હતી, પણ સરકારે આઠ કલાકનો સમય આપ્યો છે. જો કે જરૂર પડે તેમાં વધા થઇ પણ શકે છે. યાદ રહે, લોકસભામાં બિલ પાસ કરાવવા માટે ભાજપ પાસે પોતાની રીતે પર્યાપ્ત બહુમતી નથી. સરકાર જનતા દળ (યુ) અને તેલુગુ પાર્ટીના સમર્થનથી ચાલી રહી છે. આ બન્ને પાર્ટીઓ એનડીએમાં જોડાઇને સરકારને સાથ આપી રહી છે. તેમાંથી જનતાદળ (યુ)એ અચાનક જાહેર કર્યું છે કે, તે વકફ ખરડા પર એક વખત સુધારા ખરડો જોયા બાદ નિર્ણય લેશે. આ જાહેરાતથી ભાજપ ઉભા પગે થઇ જવો જોઇએ. આ ઉપરાંત બહાર થતી ચર્ચા મુજબ તુલુગુ દેશમ પાર્ટીએ આ બાબત હજી પોતાના પતા ખોલ્યા નથી. તે પણ ભાજપ માટે ચિંતાનો વિષય હોવો જોઇએ. પરંતુ આ સ્થિતિમાં પણ ભાજપ વકફ બિલને કસોટીની એરણ પર ચડાવવાની હિમત કરવાના મૂડમાં છે. સરકાર આજે જ તેના પર ચર્ચા આટોપી, મતદાન કરાવીને, બિલ પસાર કરાવીને આવતી કાલે રાજ્યસભામાં પસાર કરાવવાનો ઈરાદો રાખી રહી છે. જનતાદળ (યુ) અને તેલુગુ દેશમ પાર્ટી બન્ને પોતપોતાના રાજ્યોમાં મુસ્લિમ મતો પર મોટો આધાર રાખે છે, તેથી તે અવઢવમાં પડી ગઇ હોઈ શકે છે. અથવા એવું પણ બની શકે છે કે, વિપક્ષને અંધારામાં રાખવા તેઓ કોઇ ચાલ ચાલી રહી હોય. રમઝાનની છેલ્લી ઈફતાર પાર્ટી પહેલાં સુધી બન્ને પક્ષોનું વલણ તદન ભાજપ તરફી રહ્યું છે, પણ છેલ્લી ઈફતાર પાટીમાં તેમનુ વલણ શંકાસ્પદ ગણવામાં આવી રહ્યું છે. જો કે ઈફતાર પાર્ટીમાં જવું તેમનું વલણ બદલ્યાની નિશાની ચોક્કસપણે માની લઇ શકાય નહીં. તે સાથે આ બન્ને પક્ષો હજુ ખુલ્લા ટેકામાં આવ્યા નથી તે પણ સૂચક છે.

તે સાથે જનતા દળ (યુ)ની ચિંતાસ્પદ જાહેરાત અને તેલુગુ દેશમની ચૂપકીદીની ભાજપ પર કોઇ અસર નથી, તેથી લાગે છે કે, સરકારે પૂરી તૈયારી કરી લધી છે. કોઇ પણ સરકાર શંકાસ્પદ હારજીતની સ્થિતિમાં પ્રતિષ્ઠાનો પ્રશ્ન હોય તેવા બિલમાં આવી હિમત કરે નહીં. એટલે લાગે છે કે, જો આ બે ટેકદાર પાર્ટીઓ આડી ચાલે, તો સરકારે તેના વૈકલ્પિક સમર્થનની વ્યવસ્થા કરી લીધી છે. ભાજપ સરકારે રાજ્યસભામાં આવી રીતે એનડીએ બહારના પક્ષોની મદદથી અનેકવાર ઠરાવો પસાર કરાવ્યા છે. અહીં લોકસભામાં પણ ભાજપ આ મુદે વિપક્ષમાંથી પણ કેટલાક ક્રોસ વોટીંગની વ્યવસ્થા કરી લીધી હોઇ શકે છે અને પક્ષે સિનીયર નેતાઓને ફલોર મેનેજમેન્ટની જવાબદારી સોંપી દીધી છે. ભાજપે તેના તમામ સાંસદોને પણ આજે બન્ને ગૃહોમાં હાજરી આપવા વ્હીપ આપી દીધો છે અને હવે તેની અન્ય મતો પર નજર છે. ગૃહમંત્રી અમીત શાહે એકશનમાં આવીને મંગળવારે સંસદ ભવનમાંની તેમની ઓફિસમાં જનતાદળ (યુ)ના બે સિનીયર સાંસદોની સાથે બેઠક યોજી હતી.

લોકસભામાં ભાજપ પાસે પોતાના ૨૪૨ સભ્યો છે. એટલે કોઇ પણ ખરડો પસાર કરાવવા માટે તેને તેના એનડીએના સાથી પક્ષો જનતાદળ (યુ) અને તેલુગુદેશમના સમર્થનની જરૂર પડે છે. એનડીએમાં આ બે પક્ષો ઉપરાંત લોકજનતાંત્રીક પાર્ટી સહિત અન્ય કેટલાક નાના પક્ષો પણ છે. આ અન્ય પક્ષો વકફ બિલના સમર્થનમાં રહેશે, એવી પૂરી આશા રાખવામાં આવે છે. સવાલ જનતા દળ (યુ) અને તેલુગુ દેશમ પાર્ટીનો છે. એટલે લોકસભામાં આ ખરડા પર મતદાન થઇ ન જાય, ત્યાં સુધી આ મુદ્દા પર રાજકીય ગરમી રહેશે.

લોકસભામાં તેલુગુ દેશમના ૧૬ અને જદ(યુ)ના ૧૨ સભ્યો છે. આ ઉપરાંત શિવસેનાના ૭, એલજીપીના ૫, જેએસપી ૨, આરએલડી ૨, જેડીએસના ૨, હિન્દૂસ્થાન અવામ પાર્ટીના ૧, અને અન્ય ૬ સાંસદો ધરાવતા નાના પક્ષોનું પણ સરકારને સમર્થન છે. વકફ બિલ પર તેમનું વલણ પણ આ ખરડા પરના મતદાન સમયે સ્પષ્ટ થઇ જશે. જોકે આમાંથી કેટલાકે બિલની તરફેણમાં નિવેદનો આપ્યા છે. જો કે રાજનીતિમાં કોઇ નિવેદનો કાયમી નથી હોતા. તે સાથે ભાજપની મેનેજમેંટ શક્તિ આજે કસોટીની એરણ પર છે.

દરમિયાન, બીજી બાજુ મુસ્લિમોની મોટી વસ્તી ધરાવતા ભોપાલ જેવા અનેક સ્થળો પર મુસ્લિમો ખુલ્લામાં આવીને વકફ સુધારા બિલનું સ્વાગત કરતાં ફટાકડા ફોડી અને પરસ્પર મીઠાઇ વહેંચીને ઉત્સવ મનાવી રહ્યાના વાવડ મળી રહ્યા છે. તેમણે કટ્ટરપંથીઓની ભ્રમ ફેલાવવાની ઝૂંબેશનો આ રીતે ફિયાસ્કો કરી નાખ્યો છે.

લોકસભામાં સરકારને ૨૯૩ અને વિપક્ષને ૨૩૯ સાંસદોનું આજ સુધી સમર્થન રહ્યું છે.

વકફ સુધારા બિલ ૨૦૨૪ આજે લોકસભામાં રજૂ

# જો બિલ લાવવામાં ન આવ્યું હોત, તો સંસદ પણ વકફની ઈમારત બની ગઇ હોત - કિરેન રિજિજુ

નવી દિલ્હી, તા. ૨

વકફ સુધારા બિલ ૨૦૨૪ આજે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું છે. કિરેન રિજિજુએ લોકસભામાં વકફ સંશોધન બિલ રજૂ કરતાં કહ્યું હતું કે, આજ સુધી, કોઈપણ બિલ પર લોકો તરફથી આટલી મોટી સંખ્યામાં અરજીઓ મળી નથી. ૨૮૪ પ્રતિનિધિમંડળોએ વિવિધ સમિતિઓ સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. ૨૫ રાજ્યોના વક્ફ બોર્ડે પોતાનો પક્ષ રજૂ કર્યો.

આ ઉપરાંત, નીતિ નિર્માતાઓ અને નિષ્ણાતોએ પણ સમિતિ સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. જે લોકો આ બિલનો સકારાત્મક વલણ સાથે વિરોધ કરે છે તેઓ પણ તેનું સમર્થન કરશે. આજે જ બિલ પર ચર્ચા અને મતદાન કરવાની તૈયારીઓ ચાલી રહી છે. વિપક્ષે ચર્ચા માટે ૧૨ કલાકનો સમય માંગ્યો હતો. પરંતુ સરકારે ૮ કલાકનો સમય આપ્યો છે.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ચર્ચા શરૂ કરી હતી. ચર્ચા શરૂ કરતં તેમણે કહ્યું કે જો આજે બિલ લાવવામાં ન આવ્યું હોત તો સંસદ ભવન પણ વકફ ઈમારત બની ગયું હોત. તેમણે કહ્યું, 'દિલ્હીમાં ૧૯૭૦થી ચાલી રહેલ એક કેસ સીજીઓ કોમ્પ્લેક્સ અને સંસદ ભવન સહિત અનેક મિલકતો સાથે સંબંધિત હતો. દિલ્હી વકફ બોર્ડે આને વકફ મિલકતો હોવાનો દાવો કર્યો હતો. જો પીએમ મોદી સરકાર સત્તામાં ન આવી હોત, તો ઘણી મિલકતો ડી-નોટિફાઇ થઈ ગઈ હોત.

કિરેન રિજિજુએ કહ્યું હતું કે, આ બિલ કાયદો બન્યા પછી, રાજ્ય સરકારો પાસે હવે વકફ મિલકતના વિવાદોના ઉકેલ માટે પહેલા કરતાં વધુ સત્તાઓ હશે. આ ઉપરાંત, સરકારે સ્પષ્ટતા કરી કે તે મુસ્લિમોની જૂની મસ્જિદો, દરગાહ કે ધાર્મિક સંસ્થાઓને અસર કરશે નહીં.

રિજિજુએ કહ્યું, '...કોઈ પણ વ્યક્તિના શબ્દોને ખરાબ કે દુઃખદ નહીં ગણે. આકાશ ક્યારેય ધરતીનું દુઃખ સમજી શકશે નહીં... મને આશા છે કે આ બિલનો વિરોધ કરનારાઓના હૃદયમાં પરિવર્તન આવશે. દરેક વ્યક્તિ સકારાત્મક વિચારસરણી સાથે આ બિલને સમર્થન આપશે.

અગાઉ, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, '...હું કહેવા માંગુ છું કે બંને ગૃહોની સંયુક્ત સમિતિમાં વકફ સુધારા બિલ પર જે ચર્ચા થઈ તે ભારતના સંસદીય ઈતિહાસમાં આજ સુધી ક્યારેય થઈ નથી. હું સંયુક્ત સમિતિના તમામ સભ્યોનો આભાર માનું છું અને અભિનંદન આપું છું. અત્યાર સુધીમાં, વિવિધ સમુદાયોના રાજ્ય ધારકોના કુલ ૨૮૪ પ્રતિનિધિમંડળોએ સમિતિ સમક્ષ પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કર્યા છે. ૨૫ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વકફ બોર્ડે પણ તેમના પ્રેઝન્ટેશન રજૂ કર્યા છે.

યુપીએ સરકારે દિલ્હીમાં ૧૨૩ મિલકતો વકફને આપી છે. આ દરમિયાન, લોકસભામાં વિપક્ષ દ્વારા ભારે હોબાળો જોવા મળી રહ્યો છે.

સરકાર આ બિલને મુસ્લિમોના હિતમાં સુધારાવાદી પગલું ગણાવી રહી છે, ત્યારે વિપક્ષે તેનો જોરદાર વિરોધ કર્યો છે. વિરોધ પક્ષોનું કહેવું છે કે આ બિલ બંધારણનું ઉલ્લંઘન કરે છે અને ધાર્મિક સ્વતંત્રતાની વિરુદ્ધ છે. કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે કહ્યું કે તમે જે પ્રકારનું બિલ ગૃહમાં લાવી રહ્યા છો, તેમાં ઓછામાં ઓછા સભ્યોને સુધારા કરવાનો અધિકાર હોવો જોઈએ. તમે બળજબરીથી કાયદો લાદી રહ્યા છો.

### કોંગ્રેસના સમયમાં સમિતિઓ સ્ટેમ્પ લગાવતી હતી - ગૃહમંત્રી

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસના વાંધાના જવાબમાં લોકસભામાં કહ્યું કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન એવી સમિતિઓ હતી જે દસ્તાવેજો પર સીલ લગાવતી હતી. આપણી સમિતિઓ લોકશાહી સમિતિઓ છે.



### વિરોધ કરનારાઓનું હૃદય પરિવર્તન થશે : કિરણ રિજિજુ

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે કિરેન રિજિજુએ કહ્યું છે કે અમે ખુલ્લા મનથી બિલ રજૂ કર્યું છે. અગાઉ પણ વક્ફ બિલમાં સુધારો કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ બિલને ક્યારેય ગેરબંધારણીય કહેવામાં આવ્યું નથી. આ બિલ પર ૨૫ રાજ્યોએ સૂચનો આપ્યા છે. હવે વક્ફના કોઈપણ નિર્ણયને પડકારી શકાય છે. મને આશા છે કે વિરોધ કરનારાઓનું હૃદય બદલાશે.

### સુધારા બોર્ડ બિલ પીએમ મોદી તરફથી સૌથી મોટી ઈદ ભેટ છે

નવી દિલ્હી, તા. ૨

ભાજપના નેતા મોહસીન રઝાએ કહ્યું કે દેશના તમામ પછાત મુસ્લિમ ભાઈઓ અને બહેનો વતી, હું આ વક્ફ સુધારા બિલ ૨૦૨૪ માટે વડા પ્રધાન મોદીનો આભાર માનું છું. આ પછાત અને અત્યંત પછાત મુસ્લિમોને પીએમ મોદી તરફથી સૌથી મોટી ઈદ ભેટ હશે.

ભાજપના સાંસદ વીડી શર્માએ કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. આ કાયદામાં એવી જોગવાઈ છે કે વકફ મિલકતોમાંથી થતી આવકનો ઉપયોગ મુસ્લિમ ભાઈ-બહેનોના કલ્યાણ, તેમના શિક્ષણ, તેમના સ્વાસ્થ્ય માટે કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયને આ બિલને પારદર્શક ગણાવ્યું. તેમણે કહ્યું કે તે ખૂબ જ પારદર્શક છે કારણ કે તે જમીન અને મિલકત સાથે સંબંધિત છે. બધા સમુદાયો આ સુધારા બિલને સમર્થન આપે છે. આપણે જોઈ શકીએ છીએ કે ગરીબ મુસ્લિમો અને મધ્યમ વર્ગ પણ આ બિલને સમર્થન આપે છે. ફક્ત મોટા મકાનમાલિકો જ આ બિલનો વિરોધ કરી રહ્યા છે.

સપા સાંસદ અવધેશ પ્રસાદ કહે છે કે વકફ મિલકતો પર સરકાર અને આરએસએસના ઈરાદા યોગ્ય નથી. તેઓ તેમના હક છીનવી લેવા માંગે છે. સમાજવાદી પાર્ટી આ બિલનો વિરોધ કરે છે. વકફ (સુધારા) બિલ પર બોલતા, ચિરાગ પાસવાને કહ્યું કે વકફ બિલમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. સીએએ સમયે પણ આવી જ મૂંઝવણ ફેલાવવામાં આવી હતી. એનડીએ (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ) ના સાથી પક્ષ જનસેનાએ વક્ફ (સુધારા) બિલને ટેકો આપ્યો છે. પાર્ટી માને છે કે આ સુધારાથી મુસ્લિમ સમુદાયને ફાયદો થશે. આ સંદર્ભમાં, પાર્ટી પ્રમુખ પવન કલ્યાણે લોકસભામાં જનસેના સાંસદોને બિલને સમર્થન આપવા સૂચનાઓ જારી કરી છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, 'આ બિલ સંયુક્ત સંસદીય સમિતિને આપવામાં આવ્યું હતું, અમારી પાસે કોંગ્રેસ જેવી સમિતિ નથી.' આપણી પાસે એક લોકશાહી સમિતિ છે, જે વિચાર-મંથન કરે છે. કોંગ્રેસના સમયમાં, એક સમિતિ હતી જે પ્રતિબંધો લાદતી હતી. અમારી સમિતિ ચર્ચા કરે છે, વિચાર-વિમર્શ કરે છે અને ચર્ચાના આધારે ફેરફારો કરે છે. જો ફેરફારો સ્વીકારવા જ ન હોય, તો સમિતિનો શું અર્થ છે?

હવે લીબરેશન ડેની જાહેરાતને કલાકો બાકી : દિલ્હીમાં વ્યાપાર મંત્રાલય રાતભર ધમધમે છે

# ટ્રમ્પની લાઈનમાં ટેરીફ ઘટાડવામાં સંભાળપૂર્વક આગળ વધતુ ભારત

નવી દિલ્હી, તા. ૨

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ભારત સહિતના દેશો સામે રેસિપ્રોકલ (જવાબી) ટેરીફની જાહેરાત કરે તેના કલાકો ગણાય છે તે વચ્ચે ભારતે હવે આકરા અમેરિકી ટેરીફથી બચવા કૃષી સહિતના અમેરિકી ઉત્પાદનો માટે ભારતની ટેરીફ ઘટાડવાનો તખ્તો તૈયાર કરી લીધો છે અને અમેરિકી પ્રતિનિધિઓ સાથે બન્ને દેશો વચ્ચે દ્વીપક્ષી વ્યાપાર કરવાની જાહેરાત થશે.

હાલમાં જ અમેરિકાની મુલાકાત લઈ આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ખુદ આ પ્રક્રિયામાં સામેલ થયા છે અને સમગ્ર હિલચાલનું વડાપ્રધાન કાર્યાલય જ હેન્ડલીંગ કરી રહ્યું છે. હાલમાં જ અમેરિકાનું ઉચ્ચ કક્ષાનું વ્યાપાર પ્રતિનિધિમંડળ ચાર દિવસ નવી દિલ્હીમાં હતું અને તે ટ્રમ્પનું ડિમાન્ડ લીસ્ટ- ભારતના વ્યાપાર મંત્રાલયને સુપ્રત કરી ગયુ છે.

### ખુદ વડાપ્રધાન મોદીનું સતત માર્ગદર્શન : દેશના બજારની આવશ્યકતા - જગ્યા - સ્થાનિક ઉત્પાદકોના હિત સાથે 'ખાન-પાન કલ્ચર' નો મુદો પણ મહત્વનો બની જશે




હવે અમેરિકાના આકરા ટેરીફથી બચવા ભારત તેના અમેરિકી ઉત્પાદન માટેના ટેરીફ ઘટાડીને આ ઉત્પાદનો ભારતમાં સરળતાથી આયાત થાય તે નિશ્ચિત કરશે.

ગઈકાલે જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સંકેત આપી દીધો હતો કે ભારત ટેરીફ ઘટાડવા સંમત થયુ છે. ફકત ભારત જ નહી અનેક દેશો આ કરી રહ્યું છે.

ભારતની ચિંતા અમેરિકાના ડેરી, કૃષી, ઉત્પાદનો અને જીનેટીકલી મોડીફાઈડ ખાદ્યપદાર્થોનો મોટો પ્રવાહ ભારતમાં ચાલુ થાય તો સ્થાનિક કૃષીથી લઈને નાના ઉત્પાદકો માટે સમસ્યા સર્જાઈ શકે છે અને તેથી જ રાજકીય રીતે પણ આ મુદો સંવેદનશીલ બની ગયો છે અને ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમાં હવે સક્રીય રીતે સમગ્ર ગતિવિધિ પર દેખરેખ રાખી રહ્યા છે.

ખાસ કરીને ભારતમાં આ પ્રકારના ઉત્પાદનોની માંગ તેમના માટે બજારમાં જગ્યા અને સ્થાનિક હિતો એ ભારતે તેની પ્રાથમીકતા નકકી કરવાની રહે છે. ખાસ કરીને કૃષી, ડિજીટલ ગર્વનન્સ, આરોગ્ય ક્ષેત્રે આ પ્રશ્નોમાં ભારતે તેની ખાદ્ય સુરક્ષાની પણ ચિંતા કરવાની છે.

અમેરિકા પ્રાણી ખોરાક પણ અનેક ભારતીય દુધાળા પ્રાણીઓ માટે 'જોખમ' છે. ઉપરાંત અમેરિકી ખોરાક પણ ભારતના સાંસ્કૃતિક મુલ્યો મુજબના નથી. આ ઉપરાંત અમેરિકી ડીજીટલ સેવા એ ભારતના અનેક નિયમો મુજબ ફીટ નથી તેથી અમેરિકી કૃષી ઉત્પાદનો કે ફ્રુટ આઈટમમાં સરકારની ચિંતા સૌથી વધુ છે.

### અદાલત પાસે વ્યાજદર નકકી કરવાનો પણ અધિકાર : બાવન વર્ષે સુપ્રિમ કોર્ટમાં કેસનો નિકાલ

નવી દિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટે મંગળવારે મહત્ત્વનો ચુકાદો આપતા કહ્યું છે કે, કોર્ટને વ્યાજદર નક્કી કરવાનો અને તે ક્યારથી આપવાનો રહેશે તે નક્કી કરવાનો અધિકાર છે. આ અધિકાર દરેક કેસના તથ્યો પર આધાર રાખે છે જે, વ્યાજ મુક્તિની તારીખ, તે પહેલાં અથવા ડિક્રિની તારીખથી આપવામાં આવશે. જસ્ટિસ જે.બી પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે ૫૨ વર્ષ લાંબી કાયદાકીય લડતનો અંત લાવતા સમયે પોતાના આદેશમાં આ ટિપ્પણી કરી હતી. જેમાં રાજસ્થાન સરકાર અને આઈ. કે. મર્ચન્ટ્સ પ્રાઈવેટ લિ. સહિત ખાનગી પક્ષો વચ્ચે રાજ્ય સરકારને આપલા શેરના મૂલ્યાંકન પર વિવાદ હતો.

ખંડપીઠે શેરના મૂલ્યની વિલંબિત ચુકવણી પર લાગુ થતા વ્યાજ દરોમાં પણ સુધારો કર્યો. ૩૨ પાનાના ચુકાદામાં ન્યાયાધીશ મહાદેવને કહ્યું કે, આ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે, અદાલતોને કાયદા અનુસાર તમામ તથ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને યોગ્ય વ્યાજ દર નક્કી કરવાની સત્તા છે.

ખાનગી પેઢીએ કોલકાતા હાઈકોર્ટના આદેશ સામે અપીલ દાખલ કરી હતી. જેમાં મેસર્સ રે એન્ડ રે દ્વારા રાખવામાં આવેલા શેરની ઈશ્યુ કિંમત ૬૪૦ રૂપિયા પ્રતિ શેર જાળવી રાખવામાં આવી હતી અને વાર્ષિક પાંચ ટકાના દરે સાદું વ્યાજ આપવામાં આવ્યું હતું. જ્યારે ખાનગી પેઢીએ વ્યાજમાં વધારો કરવાની માંગ કરી, ત્યારે રાજ્ય સરકારે આ કિંમતને ચેલેન્જ કરી હતી.

૧૯૭૩ના આ વિવાદમાં અપીલકર્તાઓ દ્વારા રાજસ્થાન રાજ્ય ખાણ અને ખનિજ લિ. ના શેર રાજ્યને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ચુકવણીમાં વિલંબને ધ્યાનમાં લીધો અને આદેશ આપ્યો કે અપીલકર્તાઓ વ્યાજ રૂપે યોગ્ય વળતર મેળવવા માટે હકદાર છે.

## ૨૧ લોકોનો ભોગ લેનાર આરોપીઓ સામે મનુષ્યવધનો ગુનો દાખલ : ક્રાઈમ બ્રાન્ચ કરશે વિસ્તૃત પૂછપરછ

અમદાવાદ, તા. ૨

ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં બ્લાસ્ટ કેસમાં ૨૧ લોકોના મોત થયા છે. આ તરફ પોલીસ દ્વારા ૨૧ લોકોના મોતના જવાબદાર બાપ-દીકરાની ધરપકડ કરવામાં આવી છે. વિગતો મુજબ આરોપીઓને પાલનપુર LCB કચેરીમાં રાખવામાં આવ્યા છે.

આ સાથે હવે આરોપીઓની પોલીસ સઘન પૂછપરછ કરશે. મહત્વનું છે કે, બ્લાસ્ટ કેસ મામલે આરોપી દીપક, ખુંબચંદ સિંધી સામે જુદી જુદી કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં ગઇકાલે થયેલ બ્લાસ્ટ કેસમાં મોટી અપડેટ સામે આવી છે. ૨૧ લોકોના મોતના જવાબદાર બાપ-દીકરા દીપક અને ખુંબચંદ સિંધીની ધરપકડ કરાઇ છે. આ તરફ આ આરોપી ઈસમો સામે કલમ ૧૦૫, ૧૧૦, ૧૨૫ (A) (B) , ૩૨૬ (G) (૫૪) હેઠળ ફરિયાદ થઈ છે. આ સાથે એક્સપ્લોઝિવ એક્ટ ૯(B)(૧૨) અને એક્સપ્લોઝિવ સસ્પેન્સ એક્ટની કલમ ૩(૧), ૪, ૫, ૬ મુજબ ફરિયાદ દાખલ થઈ છે.

મહત્વનું છે કે, ગોડાઉનમાં સાધનોનો અભાવ હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. મહત્વનું છે કે, ગોડાઉનમાં ગેરકાયદેસર ફટાકડાનો મોટો જથ્થો રાખ્યો હતો.

વિસ્ફોટક જથ્થાથી જાણકારી છતાં વિસ્ફોટકનો જથ્થો રાખ્યો હતો. મહત્વનું છે કે, આ બંને આરોપીઓ વિરુદ્ધ સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કરાયો છે.

# ડીસા ફેક્ટરીમાં બ્લાસ્ટનો કેસ, મુખ્યમંત્રીએ બેદરકારો સામે કાર્યવાહી કરવાનો આપ્યો આદેશ

અમદાવાદ, તા. ૨



ગુજરાતના બનાસકાંઠાના ડીસામાં ગઈકાલે એક ગંભીર અને ખૂબ મોટી દુર્ઘટના સર્જાઇ હતી, ફટાકડા બનાવટી ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બનતા ખૂબ વિસ્ફોટક બ્લાસ્ટ થયો હતો. જેના પગલે ફેક્ટરીમાં કામ કરતાં ૨૧ થી વધુ શ્રમિકો મોતના ભોગ બન્યા હતા. આ દુર્ઘટના અંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેબિનેટમાં નોંધ લઈને કડક નિર્દેશ કર્યા છે.

ડીસા બ્લાસ્ટ અંગે કેબિનેટમાં તેની ગંભીર નોંધ લેવાઈ હતી. ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગે કડક વલણ અપનાવતા સપષ્ટપણએ નિર્દેશ કર્યો હતો કે આ કાંડમાં બેદરકારી દાખવનાર સામે અને આ દુર્ઘટના માટે જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ અને તેમની સામે જરૂરી પગલાં પણ લેવાવા જોઈએ. વધુમાં તેમણે કહ્યું હતું કે રાજયમાં ફરી આવી કોઇ દુર્ઘટના નાઆ બને તે માટે પણ કડક કાર્યવાહી થવી જોઈએ. ડીસામાં થયેલી ઘટના અંગે તેમણે કહ્યું કે જેની બેદરકારીના લીધે આ ઘટના બની છે તેની સામે યોગ્ય પગલાં પણ લેવાશે.

ડીસા અગ્નિકાંડ મામલે તપાસની આદેશ અપાઈ છે અને મુખ્યમંત્રીએ મૃતકોને ચાર લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત પણ કરી છે. આ મામલે તપાસમાં બહાર આવ્યું છે કે ફરાર ફેક્ટરી માલિક ખૂબચંદ સિંધી છે અને તેની પાસે માત્ર ફટાકડા વેચાણ માટેનું જ લાયસન્સ હતું.

જે પણ અત્યારે રિન્યુ ન કરાયું ન હતું. અને બીજી તરફ આ ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે મોટી માત્રામાં વિસ્ફોટક પદાર્થ એટલે કે દારૂ ગોળો લાવીને ફટાકડા બનાવવામાં આવતા હોવાની પણ ચર્ચાઓ છે. ડીસાના અગ્નિકાંડમાં જીવ ગુમાવી ચૂકેલા મૃતક પરિવારોને ચાર લાખ રૂપિયાની સહાય ઈજાગ્રસ્તોને ૫૦૦૦૦ ની સહાય સરકાર તરફથી મળશે તેવી જાહેરાત કરવામાં આવી છે.





# ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ૧૪ વર્ષ દરમિયાનમાં ૪૪૫૧ ભાગવત સંહિતાનું વાંચન

## સનાતન ધર્મમાં કથાઓ મનુષ્યને સત્કાર્ય સાથે સેવા કરવાની પ્રેરણા આપે છે : નંદ ઘેર આનંદ ભયો..ના નાદ સાથે હજારોની સંખ્યા દેશ વિદેશ અને ચોવીસીના હરિભક્તોની ઉપસ્થિતિ કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો : કથા મંડપ ટૂંકો પડ્યો

ભુજ તા. ૨

સ્વામિનારાયણ મંદિર ખાતે સર્વ પ્રિયજનોના સ્મૃત્યર્થે તથા ગૌમાતાના લાભાર્થે ચાલી રહેલા સમૂહ શ્રીમદ ભાગવત પારાયણ દરમિયાન રવિવાર ના રોજ શ્રી.હનુમાનજી, ભગવાન શ્રી. રામચંદ્રજી જ્યારે સોમવાર ના દિવસે કૃષ્ણ જન્મોત્સવની ઉમંગભેર ઉજવણી સાથે પુષ્પવર્ષા કરી અન્નકુટ વિગેરે પ્રસંગો ઉજવવામાં આવ્યા હતા.

સોમવાર ના રોજ સવાર થી કૃષ્ણ જન્મોત્સવ ની તાડમાર તૈયારી હજારો હરિભકતો ના આવનજાવન વચ્ચે ચાલી રહી હતી.કથા ના બીજા સત્ર માં વક્તા મહોદય શાસ્ત્રી સ્વામી શ્રી.વેદાંતસ્વરૂપદાસજી એ લાડભાવ સાથે બાળગોપાલ કૃષ્ણ લીલા ની અવરણ કથા વર્ણવતા ની સાથે આખો સભા મંડપ જાણે ગોકુળ મય બની જતાં, નંદબાબા બાળ ગોપાલ ને લઈ પ્રવેશતા બાલસખા અને એ સમયે જે ગોકુળ ગ્રામજનો માં ઉત્સવ નો માહોલ હતો તે માહોલ નું જાણે જીવંત દ્રશ્યો સાથે રાસ અને શ્રી કૃષ્ણની



પ્રાગટ્ય લીલા ના પ્રસંગો ને વર્ણવ્યા હતા. કથા પારાયણના મુખ્ય યજમાન નારણભાઈ ભીમજી પિંડોરીયા તથા સહ યજમાન કાન્તીભાઈ લાલજી ભંડેરી બંને યજમાનોએ સહ પરિવારજનો સાથે મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, વહીવટી કાર્યવાહક સંત સ્વામી શ્રી.દેવપ્રકાશદાસજી આદિ સંતો સાથે બાળગોપાલ શ્રી . કૃષ્ણ ને હિરાજડીત સુવર્ણ પારણીયા માં ઝુલાવી પૃથ્વીલોક પર ભગવાન ના અવતરણ ને વધાવ્યા હતા.

સમગ્ર ગુજરાત માંથી સનાતન સંપ્રદાય ધર્મ સાથે જોડાયેલા સંતઓ ભુજ પધારી કૃષ્ણ જન્મોત્સોવ નો લાભ લઈ એ આશીર્યવન પાઠવ્યા હતા. કચ્છ દેશના સંતો માં સ.દ ગુરૂ શ્રી સંતશ્રીઓમાં સ્વામી શ્રી સનાતનદાસજી, શ્રી. જગતપાવન દાસજી, શ્રી. દેવકૃષ્ણદાસજી, શ્રી. રામસ્વરૂપ દાસજી શ્રી.મુક્તજીવન દાસજી, શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી, કોઠારીઓ માં સ્વામી નારાયણમુનિદાસજી, શાંતિસ્વરૂપ દાસજી પ્રસાદી મંદિર ના સંત વિજ્ઞાનસ્વરૂપદાસજી, રાજદ્વારીઓ ઉપસ્થિત રહી કથા શ્રવણ નો લાભ લીધો હતો.કૃષ્ણ જન્મોત્સોવ દરમ્યાન ગીત સંગીતનાં સથવારે રાસ ની રમઝટ શ્રી નિર્ભયચરણ દાસજી, કપિલમુનિદાસજી સાથે ભજનપ્રકાશદાસજી મધુર કંઠે બોલાવી હતી. આ જન્મોત્સોવ માં દેશ વિદેશ થી પધારેલા મહેમાનો, રાજદ્વારીઓ, તમામ વ્યવસાયો સાથે જોડાયેલા હરિભકતો, સંસ્થાઓના હોદેદારો સાથે મુખ્ય કોઠારી મુરજીભાઈ શિયાણી, ઉપ કોઠારી જાદવજીભાઈ ગોરસીયા, સલાહકાર સમિતિ ના રામજીભાઈ વેકરીયા, શશિભાઈ ઠક્કર, અનિલભાઈ બાવા, દેવશી હિરાણી વિગેરે ટ્રસ્ટીઓ, બહોળી સંખ્યામાં ચોવીસી અને શહેરીજન હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા. સપ્તાહ પારાયણ દરમિયાન સંતો સાથે કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક અને યુવતિ મંડળ સાથે મહિલા મંડળ જુદા જુદા સેવાકીય કાર્યો સાથે સેવાઓ કરી રહ્યા છે

## અજના દર્શન








# મોબાઈલની આદતથી યુવાનો અને બાળકો ગરદનના દુખાવાના શિકાર : જી.કે.માં રોજ ૧૦ જેટલા દર્દીની સારવાર

### અદાણી સંચાલિત GAIMS જી.કે.જનરલહોસ્પિટલના સ્પાઈન સર્જને મોબાઈલના વિવેકપૂર્ણ ઉપયોગની આપી સલાહ

ભુજ તા. ૨

આધુનિક સમયમાં મોબાઈલ,લેપટોપ અને કોમ્પ્યુટરનું ચલણ જેમ જેમ વધ્યું તેમ અમુક રોગનું પ્રમાણ પણ વધતું ચાલ્યું છે.જેમાં ગરદન કે ડોકમાં દુખાવો અર્થાત્ સર્વાઈકલ સ્પોન્ડિલાઈટિસને મુખ્ય ગણાવી શકાય.એક સંશોધનમાં બહાર આવેલા સર્વે અનુસાર જો ડિજિટલ સંશાધનોનો ઉપયોગ વિવેકપૂર્ણ કરવામાં નહીં આવેતો એ દિવસો દૂર નહીં હોય કે સરેરાશ ઘરે ઘરે સર્વાઈકલ સ્પોન્ડિલાઈટિસ જોવા મળશે, એમ અદાણી સંચાલિત GAIMS જી.કે.જનરલ હોસ્પિટલના સ્પાઈન સર્જન ઋષિ સોલંકીએ જણાવ્યું હતું.ડો.સોલંકીના જણાવ્યા મુજબ તાઈવાનની એક હોસ્પિટલે મોબાઈલ ફોનને લાંબા સમય સુધી નીચે જોઇ ગરદન અને સ્પાઈનમાં થતો દુખાવો જેને"text neck syndrome" પણ કહે છે, એ વિષય ઉપર સંશોધન પત્ર તૈયાર કરી, કેટલાક તારણો તપાસ્યા અને સૌથી ગંભીર બાબત તો એ જોવા મળી કે, બાળકોને અને યુવાનોને મોબાઈલની એવી લત લાગી છે કે,કલાકો સુધી નીચું જોઈને મોબાઈલમાં વ્યસ્ત રહે છે.હવે તો કોલેજ અને શાળામાં પણ છેલ્લા ૫ વર્ષથી ઓન લાઈન અભ્યાસને કારણે યુવાનો ઝડપથી શિકાર બની રહ્યા છે.એક સમયે આ રોગ માત્ર મહિલાઓમાં જોવા મળતો પણ હવે દરેકને તે ઝપટમાં લે છે.મોબાઈલ ઉપરાંત સૂવાની ખામી ભરેલી પધ્ધતિ,ઊંચા અને સખત તકિયાનો ઉપયોગ,સતત વાંચન અને લેખન,ટેન્શન,ડિપ્રેશન,ક્રોધ,અનિદ્રા,ઉંમર પ્રમાણે ઘસારો મુખ્ય છે.

આ રોગમાં સ્પાઈન મણકાના અસ્થિઓની ધાર પરસ્પર કંટક બનવાથી નજીકની માંસપેશીઓમાં સોજા આવે છે,પરિણામે આસપાસની નસ દબાવાથી પીડા થાય છે.આ ઉપરાંત ખભા સુધી દુખાવો,ચક્કર આવવા,હાથમાં અને કાંડામાં સુનપન તથા ઝણઝણાટી અને દુખાવો થાય છે.ઊંઘમાં ખલેલ,ચપળતા અને ગતિશીલતામાં અવરોધ જોવા મળે છે.આવી પરિસ્થિતિમાં સ્પાઈન સર્જન પાસેથી માર્ગદર્શન જરૂરી બને છે.જોકે ઘણીવાર ગરદનમાં ઘા વાગવાથી,કોઈ દુર્ઘટનામાં મણકા ખસી જવાથી તેમજ સ્પાઈનમાં ટી.બી. ના ચેપથી પણ દુખાવો થઈ શકે.આવા અનેક માનસિક ને શારીરિક લક્ષણો જોવા મળે છે.જી.કે. માં રોજ ૧૦ થી ૧૫ જેટલા આવા દર્દી સારવાર માટે આવે છે.

**નામ બદલાવેલ છે**

હું કિરણ રમેશભાઈ ઠક્કર રહેવાસી, ૨૭ વિશાલ નગર, માધાપર ,ભુજ ,કચ્છ ,આથી જાહેર કરું છું કે, પહેલા હું કિરણકુમાર રમેશકુમાર ઠક્કર તરીકે ઓળખાતો હતો, પણ હવેથી હું કિરણ રમેશભાઈ ઠક્કર તરીકે ઓળખાઈશ

**નામ બદલાવેલ છે**

હું સીમા તન્વીર મોરાણી રહેવાસી ખોજાવાસ કેરા તાલુકો ભુજ કચ્છ આજે જાહેર કરું છું કે પહેલા હું સીમાબેન તન્વીર મોરાણી તરીકે ઓળખાતી હતી પણ હવેથી હું સીમા તનવીર મોરાણી તરીકે ઓળખાઈશ

**નામ બદલાવેલ છે**

હું રચનાબેન કિરણકુમાર ઠક્કર, રહેવાસી , ૨૭ વિશાલ નગર, માધાપર , ભુજ ,કચ્છ ,આથી જાહેર કરું છું કે ,હું પહેલા ઠક્કર રચનાબેન પ્રભુલાલ તરીકે ઓળખાતી હતી ,પણ હવેથી હું રચનાબેન કિરણકુમાર ઠક્કર તરીકે ઓળખાઈશ

**નામ બદલાવેલ છે**

હું નંદની રવીન્દ્ર ત્રિપાઠી રહેવાસી પ્લોટ ૫૮ ગોપી કુંજ આશાપુરા પાર્ક મુન્દ્રા લોકેશન સાઈડ રોડ ભુજ કચ્છ આજે જાહેર કરું છું કે પહેલા હું નંદની રવિન્દ્રભાઈ ત્રિપાઠી તરીકે ઓળખાતી હતી પણ હવેથી હું નંદની રવિન્દ્ર ત્રિપાઠી તરીકે ઓળખાઈ

**નામ બદલાવેલ છે**

હું હર્ષ આશિષ ગજરા, રહેવાસી, જેષ્ઠા નગર ,ભાનુશાલી ફળિયુ, ભુજ ,કચ્છ ,આથી જાહેર કરું છું કે ,પહેલા હું હર્ષ આશિષભાઈ ગજરા તરીકે ઓળખાતો હતો ,પણ હવેથી હું હર્ષ આશિષ ગજરા તરીકે ઓળખાઈશ

**નામ બદલાવેલ છે**

હું મિલન હિતેન્દ્રભાઈ મકવાણા રહેવાસી હાઉસ નંબર ૨૧ મુન્દ્રા રોડ ગેટ નંબર ૬ આયાનગર ભુજ કચ્છ આથી જાહેર કરું છું કે પહેલા હું મિલન હિતેન્દ્ર મકવાણા તરીકે ઓળખાતો હતો પણ હવેથી હું મિલન હિતેન્દ્રભાઈ મકવાણા તરીકે ઓળખાઈશ

# મુંદ્રામાં વિશ્વના સૌથી મોટા કચ્છ કોપર સ્મેલ્ટરનું કાઉન્ટડાઉન શરૂ!

## તાંબાની આયાત ઘટાડી આત્મનિર્ભરતા તરફ પ્રયાણ

ભુજ તા. ૨

અદાણી જૂથની ફ્લેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ હેઠળની કચ્છ કોપર લિમિટેડનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે!આગામી અઠવાડિયાઓમાં કોપર સ્મેલ્ટરનું કામકાજ શરૂ થતાં મુન્દ્રા સ્થિત કોપર સ્મેલ્ટર વિશ્વના સિંગલ લોકેશન સૌથી મોટા સ્મેલ્ટરમાંનું એક બનશે.આ પ્રોજેક્ટ અંતર્ગત કોપર વિસ્તરણ ખર્ચ આશરે ઈ૭૦૦-૮૦૦ મિલિયન થવાની ધારણા છે, જે યુનિટનો કુલ ખર્ચ આશરે $2 બિલિયન સુધી થશે.

કચ્છ કોપર હાલમાં લેટિન અમેરિકન દેશોમાંથી તેના કોપર કોન્સન્ટ્રેટનું સોર્સિંગ કરશે પરંતુ કોન્સન્ટ્રેટ માટે વધારાના સ્ત્રોતોનો ઉપયોગ કરવા માટે ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના સપ્લાયર્સ સાથે પણ ચર્ચા-વિચારણાજારી છે. નજીકના ક્વાર્ટરમાં અપેક્ષિત ૫,૦૦,૦૦૦ ટન યુનિટ પહોંચ્યા બાદતેની ક્ષમતા વધારીને દસ લાખ ટન કરવામાં આવશે.

વિશ્લેષકોના મતેઆગામી નાણાકીય વર્ષ દરમિયાન સંપૂર્ણ વૃદ્ધિની ધારણા રાખીનેકોપર સ્મેલ્ટર કામગીરી વાર્ષિક ધોરણે ઈર૫૦-૩૦૦ મિલિયનની રેન્જમાં વ્યાજ, કર, ઘસારો અને એમોર્ટાઈઝેશન (EBITDA) પહેલાં કમાણી કરી શકે છે.કચ્છ કોપર સંપૂર્ણપણે અદાણી ગ્રુપની ઈન્ક્યુબેટર અદાણી એન્ટરપ્રાઈઝિસની માલિકીની કંપની છે. એકવાર તે શરૂ થયા બાદભારતની તાંબાની આયાતમાં મોટા પાયે ઘટાડો થવાની અપેક્ષા છે.

ઉત્પાદિત તાંબાના લગભગ ૪૦% ભાગનો ઉપયોગ અદાણી ગ્રુપના કેપ્ટિવ હેતુઓ માટે કરવામાં આવશે જેમાં નવીનીકરણીય ઉર્જા અને ટ્રાન્સમિશન વ્યવસાયોનોસમાવેશ થાય છે.તાંબાનો ઉપયોગ અદાણી ગ્રુપના વાયર અને કેબલ વ્યવસાયમાં પણ થશેજેની તાજેતરમાં શરૂઆત કરવામાં આવી છે.

સ્મેલ્ટર માટેનો બીજો તબક્કોપ્રારંભિક ૫,૦૦,૦૦૦ ટન થાય બાદ જ શરૂ થશે, તે હાલની કામગીરીમાંથી ઉદ્ભવેલા રોકડ પ્રવાહનો ઉપયોગ કરે તેવી શક્યતા છે. ભારતમાં, રિફાઈન્ડ કોપરની માંગ દર ક્વાર્ટરમાં ૨,૦૧,૦૦૦-૨,૧૮,૦૦૦ ટન વચ્ચે રહી છે, જેમાં ઓછામાં ઓછી એક ચતુર્થાંશ માંગ આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે.

ભારત તાંબાનો આયાતકાર દેશ છે અને તેની પાસે તાંબાના અયસ્કના ખૂબ જ મર્યાદિત સંસાધનો છે. ભારતનો માથાદીઠ તાંબાનો વપરાશ આશરે ૦.૬-કિલો છે.

૨૦૩૦ સુધીમાં સ્થાનિક તાંબાની માંગ બમણી થવાની ધારણા છે. તેવામાં કચ્છ કોપર દેશને આત્મનિર્ભરતા તરફ લઈ જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.



# જૈન સમાજ ભુજના યુવા અગ્રણીની પુણ્યતિથિએ સેવાકાર્યો હાથ ધરાયાં



ભુજ, તા. ૨

નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે વાગડ સાત ચોવીસી જૈન સમાજ ભુજના યુવા અગ્રણી સ્વ. મહેશભાઈ ચંદુલાલભાઈ ગઢેચાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પરિવારજનોના આર્થિક સહયોગથી વિવિધ સેવાકાર્યો સાથે ભાવાંજલિ અર્પણ કરાઈ હતી.

ક્લાપૂર્ણસૂરિ કરુણાધામ પશુ હોસ્પિટલ ખાતે કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વી.જી. મહેતાએ ભાવાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે સ્વ. મહેશભાઈએ સમાજના ઉત્કર્ષ માટે નેત્રદીપક કામગીરી કરી હતી. હોસ્પિટલ ખાતે ૧૧૦૦ જેટલા ગૌવંશને ૧૨૨ મણ લીલાચારાનું નીરણ, બીમાર પશુઓને ખોડ-ભૂંસું,

ગોળના લાડુ, શ્વાનોને દૂધ-રોટલી, ૨૦ કિલો લાડુ તથા પક્ષીઓને ૩૦ કિલો ચણ વિ. જીવદયાનાં કાર્યો કરાયાં હતાં.

ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરતમંદોને શુદ્ધ ઘીની મીઠાઈ, નમકીનનાં ૨૪૦ પેકેટનું વિતરણ તેમજ મહિલા કલ્યાણ કેન્દ્ર, વાત્સલ્યધામ, અંધજન શાળા, ચિલ્ડ્રન હોમ તથા મેન્ટલ હોસ્પિટલમાં ફૂડ પેકેટનું વિતરણ કરાયું હતું.

દાતા પરિવારના ચંદુલાલભાઈ ગઢચા, જિતેન્દ્ર ગઢેચા, મુકેશ ગઢેચા, કિશોર ગઢેચા તથા પ્રમુખ શ્રી મહેતાના નેતૃત્વમાં વિરેન દોશી, પ્રદીપ દોશી, શાંતિલાલ મોતા, ઓજસ શેઠ, વિજય મહેતા વિ. સહયોગી રહ્યા હતા.

# બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અન્વયે કચ્છમાં "શેરી રમતોત્સવ" અને "મેડીકલ ચેકઅપ" તથા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા માથક, બોલાડી તથા માનકુવા શાળા ખાતે આયોજીત કાર્યક્રમમાં કિશોરી તથા કિશોરને વિવિધ વિષયે જાગૃત કરાયા

ભુજ તા. ૨

ગુજરાતમાં "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી હેઠળ કચ્છમાં જિલ્લામાં "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજનાના અધ્યક્ષ કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના નેજા હેઠળ ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW)ની ટીમ દ્વારા વિવિધ સ્થળે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંજાર તાલુકાના માથક ગામે "શેરી રમતોત્સવ" અન્વયે શેરી રમત અને કિશોરીઓ માટે "મેડીકલ ચેકઅપ" કેમ્પના આયોજનમાં ગામના પ્રથમ નાગરિક સરપંચશ્રી કુંવરબેન વાસણભાઈ બવા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિમેલ હેલ્થ વર્કર કૃપાલીબેન વ્યાસ, પ્રાથિમક શાળાના આચાયશ્રી મુળજીભાઈ, DHEW ટીમના મિશન કો-ઓર્ડીનેટરશ્રી ફોરમબેન વ્યાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતા બનેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦થી વધુ લોકો જોડાયા હતા.

દીકરીઓના સ્વાસ્થ્યને ધ્યાને લઈને આયોજીત "મેડીકલ ચેકઅપ" કેમ્પમાં જેમાં ૫૦થી વધુ કિશોરીઓના મેડીકલ ચેકઅપ સાથે




માસિકસ્ત્રાવ અંગેની સમજણ અને સ્વચ્છતા અંગેની માહિતી આપવામાં આવી હતી.

ગામમાં જન્મેલ ૦૨ દીકરીઓને "દીકરી વધામણાં" કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના સુચારુ આયોજન માટે DHEW તથા OSC ટીમ અને ગામના આંગણવાડી કાર્યકર બહેનો સાકુબેન કાનગડ અને સરોજબેન નાયકએ જવાબદારી ઉઠાવી હતી. ઉપરાંત ભુજ તાલુકાના બોલાડી આંગણવાડી કેન્દ્ર ખાતે આયોજીત કિશોરીઓ માટે સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમમાં જેન્ડર સ્પેશીયાલિસ્ટ અર્ચનાબેન ભગોરા દ્વારા કિશોરીઓને માસિકસ્ત્રાવ, સ્વચ્છતા તથા સ્વાસ્થ્ય અંગે માહિતી તથા વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

આંગણવાડી કાર્યકરશ્રી આયશુબેન ખલીફા દ્વારા પોષણ, રેશમબેન કટારા દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરની માહિતી આપવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું

જ્યારે કુમાર શાળા માનકુવા ખાતે Gender sensitization of Boys and Men ની થીમ મુજબ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાયશ્રી વિષ્ણુભાઈ નીનામા, સ્પેશિયલ ફાઈનાન્સિયલ ઈન લીટ્રેસી પુજાબેન પરમાર, શિક્ષક તેમજ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમમાં "જેન્ડર સેન્સેટાઈઝેશન" વિષય વિષે વિસ્તુતમાં માહિતી આપવામાં આવી હતી. સેફ ટચ અને બેડ ટચ, ચાઈલ્ડ હેલ્પલાઈન (૧૦૯૮) વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## રામ નવમીએ રામ ભજન સ્પર્ધા યોજાશે

ભુજ તા. ૨

ભુજની સંસ્કૃત પાઠશાળા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રામ નવમી ના દિવસે તારીખ ૬/૪ ના સવારે ૧૦:૦૦ કલાકે મોટા રઘુનાથજી રામ મંદિર ખાતે ભગવાન રામના ભજન ની સ્પર્ધા યોજવામાં આવી છે.જેમાં નાના બાળકોથી વડીલ સુધીના ભાગ લઈ શકશે.ભાગ લેનારે જયશ્રીબેન હાથી અથવા આશાબેન સ્વાદિયા પાસે પોતાના નામ નોંધાવવાના રહેશે.



ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે
હોમ ડિલીવરી ફ્રી
ૐ ઓમ ટીફીન સર્વિસ
સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪



MUSKAN
RO
SALES & SERVICE
Fresh Aqua-Oseas Aqua
anam nagar, atmaram circle, bhuj-kutch, 370001
Sarif Luhar- 95103 62011
Mustak Luhar - 98258 52498

એક જ કોલમાં દર્દીની સંભાળ માટે સેવા ઉપલબ્ધ



અશક્ત, પથારીવસ દર્દીની સારસંભાળ, સ્નાન-પંચીગ કરાવવા કે ડાયપર બદલવા માટે જરૂરિયાતને પહોંચાડવા માટે આજે સંપર્ક સાંધો
9824102079
ભેરૂમલ ચાવરીયા
ભુજ-કચ્છ.

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset, 105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER



## ભુજ વીડી હાઈસ્કૂલ સામે નિઃશુલ્ક છાશ કેન્દ્રનો પ્રારંભ

ભુજ, તા. ૨

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહદારીઓ તથા જરૂરતમંદોને રાહત મળે તે હેતુથી છેલ્લા ૨૬ વર્ષથી કાર્યરત મહાવીર ખીચડી ઘણ દ્વારા દાતા પરિવાર સ્વ. માનબાઈ કરશનદાસ શિવજી કોઠારી- માંડવી અને સ્વ. ગોદાવરીબેન રસિકલાલ કોઠારી ભુજ હા. ગીતાબેન હસુખભાઈ ઠક્કરના સહયોગથી સંસ્થાના પ્રાંગણ વી.ડી. હાઈસ્કુલ ભુજ સામે સવારે ૧૦ વાગ્યે નિઃશુલ્ક છાસ કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. કાર્યક્રમના પ્રારંભે દાતા પરિવારના મયૂરભાઈ ઠક્કરના અધ્યક્ષ સ્થાને ગીતાબેન ઠક્કર, રામભાઈ ઠક્કર, ધીરજભાઈ મહેતા, હિતેશભાઈ ચત્રભુજ ઠક્કર, દીનેશભાઈ મહેતા, નવીનભાઈ પટવા, મધુભાઈ સંઘવી દ્વારા દીપ પ્રાગટય કરાયું હતું. નરેન્દ્ર ચમનલાલ ચંદુરા, પ્રવિણભાઈ મહેતા, જીતેન્દ્ર ઠાકરેચા, રસિકભાઈ સંઘવી, અશોકભાઈ લોદરિયા દ્વારા મહેમાનોનું સન્માન કરાયું હતું. દાતા પરિવારાનો આભાર વ્યક્ત કરાયો હતો. ઉપરાંત સંસ્થાના પ્રાંગણમાં ટોકન દરે ડો. જાનકીબેન ઠક્કર તથા ડો. આશ્મીબેન શાહ દ્વારા ચાલતા મેડિકલ અને ફિઝિયોથેરાપી સેન્ટર વિષે માહિતી અપાઈ હતી. સંચાંલન નયનભાઈ પટવા, દીપકભાઈ પંડિત તથા આભારવિધિ રજનીભાઈ ભણસારીએ કરી હતી.





# વિઝન વિકસીત ખેલ જગતનું મિશન ખેલાડીઓને પ્રોત્સાહનની પ્રતિબ્ધતા દર્શાવતી સાંસદ કિકેટ ટુર્નામેન્ટ સીઝન - ૩

ભુજ તા. ૨

કચ્છ લોકસભા પરિવાર અને સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા ૫૨૦ થી વધુ ટીમોને ત્રણ માસના સમયગાળા દરમ્યાન રમાડી લીમકા બૂક ઓફ વર્લ્ડ માં સૌથી મોટી ઓપન ડે – નાઈટ ટુર્નામેન્ટ માં રેકોર્ડ બનાવવા તરફ અગ્રેસર છે. ખેલાડીઓ નો ખેલ પ્રત્યે ની ભાવના – દર્શકો તરફ થી મળતું પ્રોત્સાહન અને આયોજકો તરફ થી વ્યવસ્થા નો અદ્દભુત સંગમ જોવા મળે છે.

આ સાથે તારીખ ૩૧/૦૩/૨૦૨૫ના છવીશ માં દિવસ ની પ્રથમ ૧. લુણંગ દરશડડી XI vs. કોર્ટ સ્ટાફ XI લુણંગ XI દરશડી વેજતા ૨. આઈ કૃપા ગાંધીધામ vs યુવરાજ XI મેઘપર વિજેતા ટીમ આઈ કૃપા ગાંધીધામ ૩.સ્વામિ ટૈ ગાંધીધામ દ્દજ રામદેવ કૃપા ફરાદી વિજેતા ટિમ ફરાદી xi ૪. શાહી xi ભુજ vs.ભીરંડિયારી B xi વિજેતા શાહી xi ભુજ ૫. ત્રાયા ફાઈટર xi vs. ગાજી xi બુદ્ધારમોરા, ૬. આર.કે. બ્રધર્ષ vs સ્પોર્ટ માધાપર વિજેતા આર. કે. બ્રધર્સ ૭. ખોજા xi vs. રીવા ટૈ મીરજાપર વિજેતા ટિમ રીવા xi મિરઝાપર મેચ વ્યવસ્થા કુલદીપસિંહ જાડેજા દ્વારા થઈ હતી. આ મેચ દરમ્યાન ખેલાડીઓને પ્રોત્સાહન આપવા પધારેલ મહાનુભવો શ્રી શ્રી એ.એસ.ગરવા પૂર્વ એડિશનલ ચીફ PGVCL, નરશિભાઈ ગરવા, રામજીભાઈ ગરવા, મોહનભાઈ ચાવડા, મનીષભાઈ બારોટ, શૈલેન્દ્રસિંહ જાડેજા, નિરવભાઈ સીલુ મોરબી, કૌશિકભાઈ શીલું મોરબી, વિરામભાઈ આહીર, યોગેશભાઈ ત્રિવેદી, પ્રકાસભાઈ મહેશ્વરી, હિતેશભાઈ ગોસ્વામિ, મયૂરસિંહ જાડેજા, કમલભાઈ ગઢવી, અલ્પેશભાઈ પટેલ, દીપકભાઈ ડાંગર, પ્રફુલસિંહ જાડેજા, ધવલરાજ સોલંકી, હિતેશભાઈ ગણાત્રા, નરેશભાઈ ચૌહાણ, નિલય ગોસ્વામિ, ઈમતિયાઝ સોઢા, રાજેશભાઈ ગઢવી, ભીમજીભાઈ જોધાણી, ચેતન દાફડા, હિતેશભાઈ દાફડા, દીપકભાઈ પટેલ, અભિષેકભાઈ ગરવા, રવિભાઈ ગરવા, જીતુભા ઝાલા, સંજયભાઈ ઠક્કર, ફારૂકભાઈ સમાં, કિશનભાઈ ગોસ્વામિ વિગેરે હાજર રહ્યા હતા.

## સિને સૃષ્ટિ

## નંદામુરી બાલાક્રિશ્નાની 'અખંડા ૨ અને થંડવમ'માં વિદ્યા બાલનની એન્ટ્રી



નાતાસિમ્હા નંદામુરી બાલાક્રિશ્ના હાલ તેની ફિલ્મ 'અખંડા ૨ -થંડવમ'માં વ્યસ્ત છે, આ ફિલ્મ બોયાપતિ શ્રીનુ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ અખંડાની સિક્વલ ફિલ્મ છે. હાલ પૂર ઝડપે તેના શૂટિંગનું કામ ચાલે છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે વિદ્યા બાલન આ ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળશે. આ અહેવાલો મુજબ વિદ્યા આ ફિલ્મમાં એક રાજનેતાના રોલમાં જોવા મળશે. એનટીઆરની બાયોપિક પછી બીજી વખત વિદ્યા નંદામુરી બાલાક્રિશ્ના સાથે કામ કરતી જોવા મળશે.

તાજેતરમાં જ આ ફિલ્મનું મહત્વનું શૂટિંગ હૈદ્રાબાદમાં પૂરું થયું છે. હવે તેઓ આગળનું શૂટ હિમાલયના વિસ્તારોમાં કરવાના છે. તેના માટે ડિરેક્ટર શ્રીનુ અને તેમની ટીમ લોકેશનની શોધમાં છે. ત્યાં કેટલાંક મહત્વના સીન શૂટ કરવામાં આવશે. તેમાં બાલાક્રિશ્નાના પાત્ર અખંડાના એક્શન સીન સહીતના શૂટિંગ થશે. આ પણ એક પૅન ઈન્ડિયા રિલીઝ હશે, જેમાં નંદામુરી બે અલગ અલગ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં સંયુક્તા મેનન અને પ્રગ્યા જયસ્વાલ પણ મહત્વના રોલમાં જોવા મળશે. સંજય દત્ત પણ આ ફિલ્મમાં કામ કરી રહ્યો છે, તેની સાથે આધિ પિનિસેટ્ટી મહત્વના અને નેગેટીવ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૫ સપ્ટેમ્બરે રિલીઝ થશે, જે દર્શકો માટે દશેરાની ગિફ્ટ હશે. થમન આ ફિલ્મનું મ્યુઝિક કમ્પોઝ કરી રહ્યા છે.



## ભુજની આસપાસ રહેતા જરૂરીયાતમંદ દરિદ્રનારાયણો ને ભોજન પ્રસાદ અને મિષ્ટાન આપવામાં આવ્યું

શ્રી ભુજ લોહાણા મહાજન દ્વારા શ્રી દરિયાલાલ દેવની ૮૫૨ મી જન્મજયંતિ નીમીતે શ્રી ભુજ લોહાણા મહાજન દ્વારા વિવિધ કાર્યક્રમોના અનુસંધાને દાતાશ્રી અ.નિ. શાંતાબેન મણીલાલ ઠકકર હ. સુરેશભાઈ મણીલાલ ઠકકર તેમના પરિવાર દ્વારા ભુજની આસપાસના વિસ્તારોના ૩૨૦૦ જેટલા દરિદ્રનારાયણોને ભોજન પ્રસાદ આપવામાં આવ્યું હતું. આ કાર્ય ભુજ લોહાણા મહાજન દ્વારા કરવામાં આવ્યું હતું. જેની વિતરણ વ્યવસ્થા મનુભાઈ ઠકકર તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યમાં શ્રી ભુજ લોહાણા મહાજનનાં પ્રમુખ ડો.મુકેશભાઈ ચંદે, મંત્રી હિતેશભાઈ ઠકકર, હરેશભાઈ કતિરા, શ્રી ભુજ લોહાણા મહીલાઆશ્રમના પ્રમુખ હર્ષદભાઈ ઠકકર (હકી) અને યુવા મંડળના પ્રમુખ નીલભાઈ સચદે હાજર રહયા હતા. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા "શ્રેષ્ઠ ગૌરક્ષક" સેવાનો એવોર્ડ મનુભાઈ ઠકકરને મળ્યો હતો. તે આ વ્યવસ્થા સંભાળી રહયા છે. તેમનો પણ શ્રી ભુજ લોહાણા મહાજન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.





## ખડીર પોલીસ સ્ટેશન ખાતે કર્મચારીઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

હાલ પડી રહેલ કાળઝાળ ગરમી વચ્ચે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ ના આરોગ્ય અંગે ની તપાસ બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે ત્યારે અફાટ રણની ૪૪ ડીગ્રી મા ફરજ બજાવતા આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તાર ના ખડીર ગઢડા પોલીસ મથક ખાતે પોલીસ કર્મચારીઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું તમામ પોલીસ કર્મચારીઓ ના આરોગ્ય ની તપાસ ધોરાવીરા પીએચસી ના ડો.વિભુતિ કોટડીયા દ્વારા કરવામાં આવી હતી પીઆઈ એમ.એન.દવે એએસઆઈ રાજુભાઈ પરમાર એએસઆઈ ભુરાભાઈ. મહાવીરસિંહ જાડેજા . દશરથસિંહ જાડેજા ધર્મેન્દ્રસિંહ.. દિવ્યરાજસિંહ, જયકિશનસિંહ, મયુરસિંહ, લક્ષ્મણસિંહ, સમતાબેન, પ્રિયાંકબેન.મનજીભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા



## આપણી પાસે ખરા માર્ગદર્શકો નથી, આપણી પાસે એજન્ટ અને એજન્સીઝ છે : ભૂમિ

ભૂમિએ ઈન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ વિતાવી દીધાં છે, તેની આ સફર પર નજર નાખતાં તેણે કબુલ્યું કે તેને જે પણ તકો મળી તે બદલ તે તક આપનારાં દરેકની ઋણી છે. છતાં જો આ સફરમાં તેને કોઈ માર્ગદર્શક મળ્યું હોત તો તેની ઘણી મદદ થી હોત. આ અંગે ભૂમિએ કહ્યું, "કાશ મને કોઈએ સમજાવ્યું હોત કે આ પ્રકારની તકો હોય જેના માટે હું ઋણી રહી શકું. ખાસ કરીને જે લોકો ઈન્ડસ્ટ્રીના પરિવારોમાંથી ન આવતા હોય એમના માટે આપણા તંત્રમાં જે ખૂટે છે, તે છે માર્ગદર્શન. આપણી પાસે ખરા માર્ગદર્શકો નથી. આપણી પાસે એજન્ટ અને એજન્સીઝ છે, પણ એ કોઈ માર્ગદર્શન આપતી નથી. જે લોકો આ માહોલમાંથી આવે છે એ ઘણા તૈયારી સાથે આવે છે – એમને શું સારું, ખરાબ કે ગંદું એ ખબર છે. એના વિના તમે બહુ આસાનીથી ખોવાઈ જશો."

ભૂમિ પેડનેકરની ગણતરી આજે એક મલ્ટી ટેલેન્ટેડ એક્ટ્રેસ તરીકે થાય છે. પરંતુ એક વખતે તેને ફિલ્મ સ્કૂલમાંથી સસ્પેન્ડ કરી દેવાઈ હતી. આ અનુભવ વિશે ભૂમિએ જણાવ્યું, "એ વખતે હું માત્ર ૧૬ વર્ષની હતી, પણ હું માનું છું કે સસ્પેન્ડ થવું એ મારા જીવનની શ્રેષ્ઠ ઘટના હતી. જેવી હું ત્યાંથી બહાર નીકળી કે મેં બધાને મારા સીવી મોકલવાના શરૂ કરી દીધા અને એક્ટિંગ સ્કૂલના મારા મિત્રોને મને પ્રોડક્શન હાઉસ સાથે સંપર્ક કરવામાં મદદ કરવા કહેવા લાગી. એ રીતે હું પહેલાં બારણે પહોંચી અને ઈન્ડસ્ટ્રીના દ્વારા ખુલ્યાં."

ભૂમિએ આગળ કહ્યું, "મારે બસ માથું નીચું કરીને મહેનત જ કરવી છે. મને નથી લાગતું કે હું હવે સફળ થઈ ગઈ છું. મને હંમેશા મેં જે પણ કમાયું છે તે બધું ગુમાવી દેવાનો ડર લાગે છે, તેથી હું બને તેટલું વિનમ્ર રહેવા પ્રયત્ન કરું છું."

આત્મવિશ્વાસ ગુમાવી દેવા અંગે ભૂમિ કહે છે, "હું જીવનમાં એક અંગતને ગુમાવવાના તબક્કામાંથી પસાર થઈ રહી હતી, ત્યારે મને જવાબદારી સમજાઈ છે. મારા પિતાના અવસાન પછી હું એક એવા તબક્કામાં હતી કે મેં આત્મવિશ્વાસ ગુમાવી દીધો હતો અને મને લાગતું હતું કે હું બીજી હિરોઈન જેવી નથી દેખાતી તેથી હું એક્ટ્રેસ ન બની શકું. ત્યારે મેં ડિરેક્ટર કે પ્રોડ્યુસર બનવાનો પણ વિચાર કર્યો હતો. તેથી મેં શાનૂ શર્મા સાથે કામ કરવાનું શરી કર્યુ અને મેં મારી જાતને કહેલું કે હું એટલું સારું કામ કરીશ કે એક દિવસ એ લોકો મને એક્ટિંગ કરવાનું કહેશે અને એવું જ થયું."



## આડેસર ખાતે પરજીયા બ્રાહ્મણ અભ્યુદય મંડળ દ્વારા કંકુમાની ૧૮૮ નિર્વાણ તિથિ ઉજવાઈ

કચ્છ ના મુખ્ય પ્રવેશ દ્વાર રાપર તાલુકાના આડેસર ખાતે આવેલ પરજીયા બ્રાહ્મણ અભ્યુદય મંડળ દ્વારા શ્રી કંકુમા ના મંદિર ખાતે મંદિર ટ્રસ્ટ દ્વારા કંકુમા ની ૧૮૮ નિર્વાણ તિથિ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધારાસભ્ય વિરેન્દ્ર સિંહ જાડેજા પરજીયા બ્રહ્મ સમાજ ના પ્રમુખ દયારામ ભાઈ સુંબડ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા મનુભાઈ રાજગોર વિકાસ રાજગોર શિવરામ પંડ્યા શંકર ભાઈ ખાંડેકા નથુરામ ભાઈ ખાંડેકા પરસોતમ ખાંડેકા ભરત મસુરીયા ભરત મઢવી વિનુભાઈ થાનકી નશાભાઈ દૈયા દયારામ મારાજ અજયપાલસિંહ જાડેજા જગનભાઈ મસુરીયા જયદિપસિંહ જાડેજા કેશુભા વાઘેલા ડોલર ભાઈ ગોર હમીરજી સોઢા અશોક સિંહ ઝાલા ભગાભાઈ આહીર વિગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા ધારાસભ્ય દ્વારા મંદિર વિકાસ માટે પચ્ચીસ લાખ ની ગ્રાંટ ફાળવી હતી જેમાં વિવિધ કાર્યો કરવા મા આવશે

## પ્રિવેન્ટિવ હેલ્થ કાઉન્સેલિંગ ડોક્ટર અને સંશોધક ડૉ.નૈયા સુથારને ભારત ગૌરવ રત્ન સન્માન" એવોર્ડથી નવાજવામાં આવ્યા

અમદાવાદ તા. ૨

અમદાવાદના પ્રિવેન્ટિવ હેલ્થ કાઉન્સેલિંગ ડોક્ટર અને સંશોધક ડૉ. નૈયા સુથારને ૨૨ માર્ચ ૨૦૨૫ ના રોજ નવી દિલ્હીની અશોક હોટેલ ખાતે આદરણીય "ભારત ગૌરવ રત્ન શ્રી સન્માન" એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. આ પ્રતિષ્ઠિત એવોર્ડ ડૉ. નૈયાના "પ્રિવેન્ટિવ હેલ્થકેર અને ઈનોવેશન" માં ઉત્કૃષ્ટ યોગદાનનો પુરાવો છે."ભારત ગૌરવ રત્ન શ્રી સન્માન" એવોર્ડ એ એક રાષ્ટ્રીય પુરસ્કાર છે જે એવા વ્યક્તિઓને આપવામાં આવે છે જેમણે તેમના વ્યવસાય અને રાષ્ટ્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.ડૉ.નૈયા સુથાર, જેઓ અમદાવાદમાં પ્રિવેન્ટિવ હેલ્થ કાઉન્સેલિંગ ડોક્ટર અને રિસર્ચર તરીકે પ્રેક્ટિસ કરે છે અને તેમને હેલ્થકેર ઉદ્યોગોમાં ૧૦+ વર્ષનો અનુભવ છે.ડૉ. નૈયા સુથારે, તેમના ડોક્ટરોની ટીમ સાથે અને તેમના માર્ગદર્શક માનનીય ડૉ. સંજય પરીખના સમર્થન અને માર્ગદર્શનથી, ક્રોનિક રોગોનાઉપચારાત્મક ક્ષેત્રો માટે "કોમ્પ્લેક્સ મેડિસિન"




સફળતાપૂર્વક રજૂ કરી, જે પ્રિવેન્ટિવ નેચરલ અને વૈકલ્પિક દવા છે.વર્ષ ૨૦૨૪ માં, જ્યારે નામાંકન સબમિટ કરવામાં આવ્યા હતાત્યારે સમિતિને જાણવા મળ્યું કે એક પ્રોફાઈલ અલગ હતી અને તેણે પ્રથમ પરિચયમાં "પ્રિવેન્ટિવ હેલ્થકેર એન્ડ ઈનોવેશન" તરીકે એક નવી શ્રેણીનો ઉલ્લેખ કર્યો હતો.ખાસ કરીને ડૉ. નૈયા સુથારની પસંદ કરેલી પ્રોફાઈલ માટેઆ શ્રેણી પ્રથમ વખત ઉમેરવામાં આવી હતી.

અહી ઉલ્લેખ કરવો જરૂરી છે કે "કોમ્પ્લેક્સમેડિસિન" માં નવીનતા લાવવામાં ડૉ. નૈયાની કુશળતાએ ૧૦૦૦ થી વધુ દર્દીઓને તેમના રોગોને મૂળ કારણથી અને કોઈપણ આડઅસર વિના મટાડીને મદદ કરી છે અને લાભ મેળવ્યો છે.મુખ્ય રોગોમાં કિડની અને પિત્તાશયની પથરી, એલર્જી અને ત્વચાની સમસ્યાઓ, ખરજવું, ક્રોનિક પેટની સમસ્યાઓ, સંધિવા અને યુરિક એસિડની સમસ્યાઓ, તેમજ ખોડો અને વાળ ખરવાની સમસ્યાઓ ડૉ. નૈયા સુથારના મુખ્ય વિશેષ ક્ષેત્રો છે.ડૉ. નૈયા સુથાર પ્રિવેન્ટિવ હેલ્થ કાઉન્સેલર તરીકે રેયો હેલ્થકેર ક્લિનિક્સ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે તેમજ ડૉ. નૈયા સુથારની વધારાની પ્રવૃત્તિઓમાં માનનીય ડૉ. સંજય પરીખ સાથે મળીને મહિલાઓ, શાળાના વિદ્યાર્થીઓ અને વિવિધ સંસ્થાઓ માટે "પ્રિવેન્ટિવ હેલ્થ એન્ડ વેલનેસ અવેરનેસ પ્રોગ્રામ" (PHWAP) ના બેનર હેઠળ ઘણા વ્યાખ્યાનો અને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.



ભુજ શહેરની નવી રાવળ વાળી સ્થિત આવેલા. રઘુવંશી નગર ની બાજુમાં સ્વામિનારાયણ નગરમાં રહેતા વૈશાલીબેન તેજસ સોની દ્વારા ચૈત્રી નવરાત્રી પ્રસંગે નાના-મોટા સૌને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો ચૈત્રી નવરાત્રી ના શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળના ઉપક્રમે અને વૈશાલીબેન તેજસ સોનીના સંયોગથી સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શક ભાઈ અંતાણી ની રાહબરી હેઠળ ભૂંગા અને ઝૂંપડા માં રહેતા પરિવાર ના અલ્પાહાર કરાવ્યો હતો ખાસ પાવભાજી બનાવીને વિપરીત કરવામાં આવી હતી અત્રે ઉલ્લેખનીય છે કે વૈશાલીબેન તેજસ. સોની દ્વારા અવારનવાર સત્યમ સંસ્થાના માધ્યમથી ગરીબોના ઝૂંપડે અલ્પાહાર કરાવે છે તે રીતે આજે પણ ચૈત્રી નવરાત્રીના આ રીતે અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો

## તાઈવાન સામે યુદ્ધની તૈયારી, ચીને ખુલ્લી ધમકી આપી; લશ્કરી કવાયત શરૂ થઈ

બેઈજિંગ,તા.૨

ચીન અને તાઈવાન વચ્ચેનો સંઘર્ષ વધી રહ્યો છે. ચીને ફરી એકવાર તાઈવાન વિરુદ્ધ મોટું પગલું ભર્યું છે. ચીને મંગળવારે તાઈવાન અને તેની આસપાસ સંયુક્ત લશ્કરી કવાયત શરૂ કરી જેથી દેશ પર તેની સાર્વભૌમત્વનો દાવો કરી શકાય. ચીન દ્વારા આયોજિત આ લશ્કરી કવાયતમાં તેના ઘણા દળોએ ભાગ લીધો છે. આ કવાયતનો ઉદ્દેશ્ય તાઈવાનના તે દળોને "કડક ચેતવણી" આપવાનો છે જેઓ સ્વાયત્ત હોવાનો દાવો કરે છે.

ચાઈનીઝ પીપલ્સ લિબરેશન આર્મી ઈસ્ટર્ન થિયેટર કમાન્ડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કમાન્ડે તાઈવાન ટાપુની આસપાસ સંયુક્ત કવાયત શરૂ કરી હતી. રાજ્ય સમાચાર એજન્સી શિન્હુઆ દ્વારા થિયેટર કમાન્ડના પ્રવક્તા વરિષ્ઠ કર્નલ શી યીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે કમાન્ડે તેની સેના, નૌકાદળ, વાયુસેના અને રોકેટ દળોને અનેક દિશાઓથી તાઈવાન ટાપુ સુધી પહોંચવા માટે ગોઠવ્યા છે.

શીના મતે, આ કવાયતો મુખ્યત્વે દરિયાઈ અને હવાઈ લડાઈ તૈયારી પેટ્રોલિંગ, અદ્યતન સંયુક્ત કવાયતો, દરિયાઈ અને જમીન લક્ષ્યો પર હુમલાઓનો અભ્યાસ અને સૈનિકોની સંયુક્ત ઓપરેશનલ ક્ષમતાઓનું પરીક્ષણ કરવા માટે મુખ્ય વિસ્તારો અને દરિયાઈ માર્ગો પર પેટ્રોલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. શીએ કહ્યું કે આ કવાયત "તાઈવાનની સ્વતંત્રતાને સમર્થન આપતી અલગતાવાદી શક્તિઓ" માટે કડક ચેતવણી છે અને ચીનની સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય એકતાને સુરક્ષિત રાખવા માટે એક કાયદેસર અને જરૂરી કાર્યવાહી છે.

દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે ચીન તાઈવાનને તેની મુખ્ય ભૂમિનો ભાગ માને છે. તાજેતરના સમયમાં ચીને આવી જ ઘણી લશ્કરી કવાયત કરી છે, પરંતુ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી તાઈવાનની આસપાસ આ પહેલી મોટી લશ્કરી કવાયત છે.

## યુપીના સફાઈ કામદારને રૂા.૩૪ કરોડની આવકવેરા નોટીસ

આગ્રા તા. ૨

અલીગઢમાં એક જયુસ વેચનારને રૂા.૭.૮ કરોડની આવકવેરા નોટીસ મળી અને એક ફેકટરી કામદારને રૂા.૧૧ કરોડના ટેક્ષચોરીની નોટીસ મળ્યા બાદ હવે મહીને રૂા.૧૫૦૦૦નો પગાર મેળવતા સફાઈ કામદારને પણ તેની આવક રૂા.૩૪ કરોડ છે તેવા દાવા સાથે આઈટી વિભાગે કરચોરી બદલ નોટીસ ફટકારવામાં આવી છે.

તા.૨૨ માર્ચના રોજ કરનકુમાર નામના આવકવેરા અધિકારીને ૨૦૧૯-૨૦ના એસેસમેન્ટ વર્ષ માટે જે નોટીસ મળી તેમાં તેની આવક રૂા.૩૩,૮૫,૮૫,૩૬૮ હોવાનું આવકવેરા વિભાગે દર્શાવ્યુ છે.

આ ભાઈને સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડીયામાં ખાતુ છે. જેમાં બેલેન્સ પણ થોડા સો રૂપિયાની છે. હવે તેના પાનકાર્ડનો ગેરઉપયોગ થયો હોવાનું માનવામાં આવે છે.

તે હાલ નોઈડાની એક ખાનગી કંપનીના સફાઈ કર્મચારી તરીકે કામ કરે છે અને તેણે નોકરી સમયે તેના આધાર-પાન સહિતના દસ્તાવેજો આપ્યા હતા તો બેક્ર ખાતા માટે આપ્યા હતા. હવે આ મુદે પોલીસમાં તેણે ફરિયાદ કરી છે.

## રાહત દરે દર્દીઓની તપાસણી

ભુજ તા. ૨

અનશનવ્રતધારી,જૈન સમાજરત્ન આદરણી શ્રી તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ શ્રી ક.વી.ઓ.જૈન મહાજન ભુજ સંચાલીત માતૃશ્રી પ્રેમીલાબેન પ્રેમચંદ સંઘવી સાર્વજનિક દવાખાનું, નવનીત નગર,ભુજ-મુંદરા રોડ,ભુજ મધ્યે સોમવાર થી શનિવાર સાંજે ૪:૩૦ થી ૬:૩૦ ડૉ.જયશ્રીબેન સોજીત્રા (જનરલ પ્રેકટીશનર) દર્દીઓની તપાસણી રાહતદરે કરશે. દવા,ઈન્જેકશન અને તબીબી સારવાર રાહતદરે પુરી પાડવામાં આવશે.



મંગવાણા તા.નખત્રાણા ભુજ નલિયા હાઈવે રોડનું સુંદર કામ થયું છે પરંતુ મંગવાણા તથા રસ્તામાં આવતા અનેક ગામોમાં સ્પીડ બ્રેકર રાખેલ નથી તો રસ્તામાં આવતા ગામોમાં સ્પીડ બ્રેકર મૂકવા હિરેનભાઈ આચાર્ય જણાવ્યું હતું જો આ રસ્તા ઉપર સ્પીડ બ્રેકર મૂકવામાં નહીં આવે તો ભારી અકસ્માત થવાનો ભય છે તો આ બાબતે તંત્ર યોગ્ય કરે એવી વિનંતી છે


હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ર૭૦૦પ
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.
ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.
શ્રીજી એસ્ટેટ એજન્સી



કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક
# વાવડ
તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર




તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...
એચ.આર. ફર્નિચર માર્ટ
પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯








# ગુજરાત પોલીસનું "તેરા તુજ કો અર્પણ" કરતી અંજાર પોલીસ

ભુજ તા. ૨

અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી લોકોના ગુમ થયેલ મોબાઈલ ફોન તેમજ લૂટમાં ગયેલ રોકડા રૂપીયા રીકવર કરી મુળ માલીકને પરત સોપતી અંજાર પોલીસ

રાજય ના ડી.જી.પી.સાહેબ તથા મહે.પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા સરહદી બોર્ડર રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક સાગર બાગમાર પુર્વ કચ્છ ગાંધીધામ તથા નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી અંજાર વિભાગ અંજાર નાઓ તરફથી સુચન કરેલ કે પોલીસ તથા પ્રજા વચ્ચે સમન્વય સધાય અને પ્રજાનો પોલીસ પ્રત્યે વિશ્વાસ બન્યો રહે તેવી પ્રવૃતી-કાર્યો કરવા સુચના આપેલ હોય

જે અંજાર પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા રસ દાખવી અરજદારો ની મોબાઈલ ગુમની અરજી બાબતે સી.ડી.આર તથા સી.ઈ.આઈ.આર. પોર્ટલના માધ્યમથી મોબાઈલ ફોન શોધવા પોલીસ સ્ટાફના માણસોને સુચના કરેલ હોય જે બાબતે અત્રેના પો.સ્ટે ખાતે આવેલ અરજદારશ્રીની મોબાઈલ ગુમની અરજીઓ બાબતે સી.ડી.આર.એનાલીસીસ કરી તેમજ સી.ઈ.આઈ પોર્ટ.આર. માધ્યથી ટ્રેસ થયેલ મોબાઈલ ફોન નંગ-૨૯ શોધી કાઢી તેમજ અંજાર પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં. ૦૩૧૮/૨૫ બી.એન.એસ. કલમ-૧૧૫ (૧), ૩૦૯ (૬),૫૪ મુજબ ના ગુન્હા કામે લુંટમાં ગયેલ રોકડા રૂપિયા સાત લાખ (રૂ.૭,૦૦,૦૦૦/-) રીકવર કરી નામદાર કોર્ટના હુકમ મુજબ અંજાર રોટરી ક્લબ ખાતે 'તેરા તુજ કો અર્પણ' નુ આયોજન કરેલ હોય સદર જગ્યાએ મુળ માલીક/અરજદારને મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા ધારાસભ્ય ત્રિકમભાઈ સાંગા સાહેબ તથા પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા પ્રો.આઈ.પી.એસ. વિકાસ યાદવ સા તથા પોલીસ ઈન્સપકેટર શ્રી એ.આર.ગોહીલ અંજાર પોલીસ સ્ટેશન નાઓના હસ્તે સુપ્રત કરવામાં આવેલ

ઉપરોકત કામગીરીમાં અંજાર પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેકટર .એ.આર.ગોહીલ તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.




કચ્છમાં પણ ઉનાળાની શરૂઆત થતાં જ આગની ઘટનાઓ જાણે સામાન્ય બની ગઈ હોય તેમ ક્યાંક ને ક્યાંક આગની ઘટના જોવા મળે છે ગાંધીધામ ભચાઉ હાઈવે બાદ હવે કટારીયા પાસે ડમ્પર સળગવાની ઘટના સામે આવી છે આગનાં કારણે ડમ્પર માં ભારે નુકસાની થઈ છે. ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવ્યો હતો.

# ભુજ પાલિકાએ નવો કીર્તિમાન સ્થાપ્યો : ૨૨.૯૧ કરોડની કરી વસૂલાત

ભુજ તા. ૨

ભુજ નગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં વેરા વસૂલાતમાં નવો કીર્તિમાન સ્થાપ્યો છે. પાલિકાએ આ વર્ષે કુલ રૂ. ૨૨.૯૧ કરોડની રેકોર્ડ વસૂલાત કરી છે. આ રકમમાં પ્રોપર્ટી ટેક્સના રૂ. ૧૯.૬૦ કરોડ, વ્યવસાય વેરાના રૂ. ૧.૮૮ કરોડ અને દુકાન ભાડા તથા હોર્ડિંગ્સના રૂ. ૧.૪૨ લાખનો સમાવેશ થાય છે. આ વસૂલાત ગત વર્ષની રૂ. ૨૨.૮૫ કરોડની વસૂલાતને પાર કરી ગઈ છે.

ટેક્સ કમિટીના ચેરમેન બિંદીયાબેન ઠક્કરે શહેરની જનતાનો આભાર માન્યો છે. વેરા વસૂલાતની કામગીરી ઈન્ચાર્જ ચીફ ઓફિસર ડો. અનિલકુમાર જાદવના માર્ગદર્શન હેઠળ ચાલી હતી. ટેક્સ સુપરિન્ટેન્ડેન્ટ અરવિંદસિંહ જાડેજાની ટીમે આખું વર્ષ સઘન કામગીરી કરી હતી.

નાગરિકોની સુવિધા માટે જાહેર રજાના દિવસોમાં પણ વેરા વસૂલાતની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. પાલિકા પ્રમુખ રશ્મિબેન સોલંકી, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર સહિત તમામ ચૂંટાયેલા નગરસેવકોએ આ કામગીરીમાં સહયોગ આપ્યો હતો.

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈ-નગર ૧૫ એપ્રિલ ૨૦૨૫થી શરૂ થશે. એપ્રિલથી જૂન ૨૦૨૫ સુધી મિલકત વેરા પર ૧૦% રિબેટ આપવામાં આવશે. આ અંગેની જાહેરાત સમાચારપત્રો મારફતે કરવામાં આવશે.

# સાનધ્રો ડેમમાં ડૂબી જવાથી કિશોરનું મોત

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ

લખપત તાલુકાના દયાપરમાં રહેતો ૧૭ વર્ષીય કિશોર નોમાન ફકીર લુહાર ગઈકાલે સાનધ્રો ડેમમાં નાહવા ગયો હતો, જ્યાં ડૂબવાથી તેનું કરુણ મોત નીપજ્યું હતું.

દયાપરમાં જામા મસ્જિદની બાજુમાં રહેતો ૧૭ વર્ષનો તરુણ નોમાન ગઈકાલે બપોરે સુભાષપર પાસે આવેલા સાનધ્રો ડેમમાં નાહવા ગયો હતો, જ્યાં ડેમમાં ડૂબી ગયો હતો. રાતે તેને બહાર કાઢી સારવાર અર્થે દયાપરના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની છવાઈ હતી. નારાયણ સરોવર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# 'વાવડ'ના તંત્રીના બનેવી જગદીશભાઈ દતાણીનું નિધન



વાવડ દૈનિકના તંત્રી રામભાઈ ઠક્કરના બનેવીનું ગઈકાલે નિધન થતાં શોકની લાગણી ફેલાઈ છે. મૂળ ભચાઉ સ્વ. જગદીશભાઈ રણછોડભાઈ દતાણી (ઠક્કર) (ઉ.વ. ૬૫) તે સ્વ. જશોદાબેન પરસોત્તમ (પી.આર. શેઠ ભચાઉ)ના પુત્ર, બંસરીબેનના પતિ, નિરાલી, હર્ષદ, શ્રુતિના પિતા, અંકિતભાઈના સસરા, સ્વ. કરશનદાસ કુંવરજી જોબનપુત્રા (નખત્રાણા)ના જમાઈ, ડાયાલાલ પોપટલાલ રાચ્છ (વોંધ)ના દોહિત્ર, કિશોર શાંતિલાલભાઈ સોનેતા (ભુજ)ના વેવાઈ, પ્રવીણભાઈ, મનોજભાઈ (નારણભાઈ), અંજનાબેન, નીતાબેન, ઉર્મિલાબેન, જોષનાબેન, કૌશલ્યાબેન, જાગૃતિબેનના ભાઈ, ભગવાનજી કોઠારી, સ્વ. લક્ષ્મીદાસ, કાંતિભાઈ દાવડા, સુનીલભાઈ અનમ, જગદીશભાઈ ઠક્કર, ચંદ્રેશભાઈ ઠક્કરના સાળા, સ્વ. આણંદજીભાઈ, સ્વ. વિશનજીભાઈ, જેન્તીભાઈના ભત્રીજા, સ્વ. ચંદ્રકાંતભાઈ (શંભુભાઈ), રામભાઈ (તંત્રી વાવડ દૈનિક), દિલીપભાઈ, મૂળરાજભાઈ, સ્વ. હસ્તાબેન, અનીલાબેનના બનેવી, દીપક, સત્ય, હાર્દિક, કરણ, ચેતનાબેન, તૃપ્તિના મોટા બાપા તા. ૧-૪-૨૦૨૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા બંને પક્ષની ઝૂલેલાલ મંદિર, હોટેલ શિવની પાછળ, ગાંધીધામ તા. ૩-૪-૨૦૨૫ના ગુરુવારે સાંજે ૫થી ૬.

# ૧૫૦.૧૫ એમએમટી કાર્ગો હેંડલ કરી ફરી કંડલા ફરી બન્યું દેશનું નં. ૧ મેજર પોર્ટ



ભુજ તા. ૨

દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કરીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કાર્ગો હેન્ડલિંગમાં ૧૫૦ એમએમટીનો આંકડો પાર કર્યો હતો, અને આ સાથે એક વર્ષના ગેપ બાદ ફરી તેણે પારાદીપ પોર્ટને પાછળ મુકીને દેશના મહાબંદરનો તાજ અંકે કરી લીધો હતો.ભારતના અગ્રણી દરિયાઈ પ્રવેશદ્વાર, દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) એ૧૫૦.૧૫ એમએમટી, તેના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમ પ્રાપ્ત કર્યું છે. જે સાથે તે ભારતનું નંબર ૧ મુખ્ય બંદર બની ગયુ છે. સૌથી વધુ કાર્ગો થ્રુપુટ સાથે વાર્ષિક ધોરણે ૧૩% વૃદ્ધિ દર પ્રાપ્ત કર્યો, જે તમામ મુખ્ય બંદરોમાં સૌથી વધુ છે.

આ સિદ્ધિ બંદરના ચેરમેન, અધિકારીઓ, કર્મચારીઓ, ગોદી કામદારો, ટ્રેડ યુનિયનો, પીપીપી ઓપરેટરોની પ્રશાસનીક ભવન સાથે પોર્ટના ડોક યાર્ડમાં પણ પ્રથમ વાર કેક કટીંગ કરી, ફુડ પેકેટ વીતરીત કરીને ઉજવણી કરાઈ હતી. અંદાજે ૪,૫૦૦ કામદારો અને મજૂરોને ફૂડ કીટ અને આવશ્યક દૈનિક ઉપયોગની વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી, બંદર પરના તમામ કામદારો અને મજૂરો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે બોલતા, દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંહે આ ઐતિહાસિક સિદ્ધિને વાસ્તવિકતા બનાવવા માટે તમામ હિસ્સેદારો - બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો, કર્મચારીઓ અને કામદારો - પ્રત્યે તેમની અતૂટ પ્રતિબદ્ધતા અને અથાક પ્રયાસો બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ માટે ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કર એચએમએસ યુનિયન કંડલાના પ્રમુખ એલ. સત્યનારાયણ, ઉપપ્રમુખ, જીવરાજ ભાંભી, લલિત વરિયાણી સામજી કટુવા , કંડલા પોર્ટ કર્મચારી સંઘના પ્રમુખ રાણા વિસરિયા, મતિ પુષ્પા ઈસરોની, શ્યામ મૂર્તિ, સંદીપ પરમાર, સંગઠીત અસંગઠીત યુનિયનના સચીવ વેલજી જાટે ચેરમેન એસ.કે.સીંઘ, ઉપાધ્યક્ષ હરીચંદ્રન, ટીએમ રત્ન શેખર રાવ,ડીસી પ્રદીપકુમાર મોહંતી, સીઈ રવીંદ્ર રેડ્ડી, પીઆરઓ ઓમપ્રકાશ દાદલાણી સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્ટેક હોલ્ડર્સનો આભાર વ્યક્ત કર્યો હતો.



# કોરિમોરી તળાવમાં અજાણ્યા વ્યક્તિની લાશ મળી

માધાપર ગામમાં આવેલ કેશરબાગ પાસે કોરિમોરી તળાવમાં અજાણ્યો વ્યક્તિ ડૂબી ગયેલ છે. જે અંગેનો કોલ આવતાં ભુજ ફાયર વિભાગની ટીમને ઘટના સ્થળે રવાના થયેલ સિલિંગ હુક, બોટ તથા અન્ય રેસ્ક્યુના સાધનોની મદદથી શોધખોળ હાથ ધરવામાં આવેલ હતી. પરંતુ રાત્રે મોડું થઈ જતા તા. ૦૨/૦૪/૨૦૨૫ના રોજ સવારના ૦૯:૩૦ વાગે પાછું રેસ્ક્યુ કામગીરી ચાલુ કરેલ અને ૧ કલાકની કામગીરી બાદ વ્યક્તિને તળાવમાંથી બારે કાઢેલ. આ કામગીરીમાં ભુજ ફાયર વિભાગમાંથી ડીસીઓ-રવિરાજ ગઢવી, જીગ્નેશ જેઠવી, ઈસ્માઈલ જત. વાયરલેસ ઓફિસર- રક્ષિત ઢોલરીયા ફાયરમેન- સોહમ ગોસ્વામી, સત્યજીતસિંહ ઝાલા, વાગજી રબારી, ઈમ્તિયાઝ સમા,અરમાન પટ્ટણી, તથા ટ્રેની સ્ટાફ જોડાયા હતા.

## કચ્છમાં ગરમીએ પ્રકોપ દેખાડયો : ભુજમાં ૪૧.૩

ભુજ તા. ૨

કચ્છમાં ચૈત્ર માસના આરંભ સાથે ગરમીએ પોતાનો પ્રકોપ દેખાડવાનું શરૂ કર્યું છે. ભુજમાં મહત્તમ તાપમાન ૪૧.૩ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૭ ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગે બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

કંડલા એરપોર્ટમાં મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી નોંધાયું છે. કંડલા પોર્ટમાં ૩૯.૯ ડિગ્રી તાપમાન રહ્યું છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ, એપ્રિલ માસમાં હીટવેવની સ્થિતિ વધુ જોવા મળી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજયુક્ત ઊકળાટની આગાહી કરવામાં આવી છે. ભુજમાં આગામી પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે.

# એક તરફી પ્રેમમાં પડેલા યુવાને આત્મહત્યા કરી લીધી

## યુવતીના ભાઈ ઉપર છરીથી હુમલો અને યુવતી સાથે ધાકધમકી સહિતની ફરિયાદ પછી જીવન લીલા સંકેલી

ભુજ તા. ૨



ભુજના આર. ટી. ઓ. સર્કલ પાસે સરાજાહેર છરીના ઘા મારી યુવાનને ઘાયલ કરી દેવાની ફરિયાદના આરોપીએ ઝેરી દવા પી જઈને આત્મહત્યા કરી લીધીના વાવડ મળી રહ્યા છે.

માધાપર પોલીસસ્ટેશનમાંથી પ્રાપ્તમાહિતી પ્રમાણે હરેશ મુળજી સોલંકી નામના ૫૦ વર્ષીય યુવાને પોતાના ઘરે ઝેરી દવા પી જઈને જીવનનો અંત આણી દીધો હતો. ઝેરી દવા પી જવાની સારવાર દરમ્યાન હરેશે જનલર હોસ્પિટલના બિછાને દમ તોડયો હતો. તેના સામે છરીથી હુમલો કરવા તેમજ પ્રેમ સંબંધ રાખવા યુવતી સાથે દબાણ કરવા ઉપરાંત ધાકધમકી કર્યાની અલગ અલગ બે ફરિયાદ નોંધાઈ હતી. માધાપર પોલીસ મથકના પીએસઆઈ શ્રી વી. જી. પરમાર તપાસ ચલાવી રહ્યા હતા. જ્યારે છરીથી હુમાલાની ફરિયાદ બી ડીવીઝન પોલસ મથકમાં નોંધાવાઈ હતી.



# નલિયા પોલીસે વિદેશી દારૂનો મુદ્દામાલ નષ્ટ કર્યો

નલિયા પોલીસ સ્ટેશને પ્રોહિબિશન એક્ટ હેઠળ મોટી કાર્યવાહી કરી છે. પોલીસે અલગ-અલગ કેસમાં જપ્ત કરેલો વિદેશી દારૂનો મુદ્દામાલ નષ્ટ કર્યો છે. બોર્ડર રેન્જ ભુજના IGP ચિરાગ કોરડિયા અને પશ્ચિમ કચ્છ-ભુજના SP વિકાસ સુંડાની સૂચના મુજબ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નખત્રાણા વિભાગના ઈન્ચાર્જ DS આર.ડી. જાડેજાના માર્ગદર્શન હેઠળ PI વી.એમ. ઝાલાની ટીમે આ કામગીરી પૂર્ણ કરી હતી. નલિયા પોલીસ સ્ટેશનના છાડુરા ગામની સીમમાં કુલ ૩૦૨ વ્હિસ્કી બોટલ અને ૪૩૧ બિયર ટિન નષ્ટ કરવામાં આવ્યા હતા. વ્હિસ્કી બોટલની કિંમત રૂ. ૧.૩૨ લાખ અને બિયર ટિનની કિંમત રૂ. ૪૩,૧૦૦ હતી. આમ, કુલ રૂ. ૧.૭૫ લાખનો મુદ્દામાલ નષ્ટ કરાયો હતો. મુદ્દામાલ નષ્ટ કર્યા બાદ બચેલા કાચના ટુકડા અને ખાલી ટિનની જાહેર હરાજી કરવામાં આવી હતી, જેમાંથી રૂ. ૧૫૦ની રકમ ઉપજી હતી. આ કામગીરીમાં DSP આર.ડી. જાડેજા સહિત UHC અરુણકુમાર ડાભી, WLRPC પ્રિયંકાબેન ચૌધરી, LRPC વિષ્ણુભાઈ રબારી, ચેતનસિંહ વાઘેલા, PI વી.એમ. ઝાલા, UHC મુકેશભાઈ ચૌધરી, WLRPC વર્ષાબેન ચૌધરી, LRPC જીતેન્દ્રસિંહ ડોડિયા અને મનીષ ગઢવી સહિતના પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

# રીપેરીંગ કામના કારણે અઢી મહિના સુધી કચ્છમાં નર્મદાનું પાણી બંધ

ભુજ તા.૨

કચ્છ ની જીવાદોરી સમાન નર્મદા યોજના ની કચ્છ બ્રાન્ચ કેનાલ કે જે બનાસકાંઠા ના સલીમગઢ થી કચ્છ જિલ્લા મા રણ વિસ્તાર ની કેનાલ મા થઈ પ્રવેશ કરી રહી છે ત્યારે નર્મદા યોજના દ્વારા કચ્છ કેનાલ મા અનેક જગ્યાએ રિપેરીંગ કામ કરવા નુ હોઈ તે માટે તા.૧/૪/૨૦૨૫ થી અંદાજે બે અઢી મહિના સુધી બંધ કરવા મા આવી છે એટલે કચ્છ જિલ્લા મા નર્મદા યોજનાનું પાણી મળતું બંધ થઈ જશે એટલે કેનાલ



આધારિત રાપર શહેર અને તાલુકાના ૯૭ ગામ તથા ખડીર વિસ્તાર અને ૨૪૭ વાંઢો મા પીવા ના પાણી ની રામાયણ શરૂ થશે કચ્છ જિલ્લા તથા રાપર તાલુકામાં માળીયા સામખયાળી પાઈપ લાઈન દ્વારા પાણી વિતરણ કરવામાં આવશે જેમાં અપુરતા પ્રમાણમાં પાણી આવે છે અને કચ્છ તરફ તથા રાપર તાલુકામાં આવતી પાઈપ લાઈન મા અનેક સ્થળોએ કંપનીઓ તથા હાઈવે હોટલ ફાર્મ હાઉસ મા પાણી ચોરી થાય છે એટલે પાણી ની મોકાણ ભર ઉનાળામાં ઉભી થશે તો ખેડૂતો એ ઉનાળામાં પશુઓ માટે ઘાસચારો વાવ્યો છે એમને પણ મુશ્કેલી પડે તેમ છે નર્મદા યોજના દ્વારા રાપર તાલુકામાં સુવઈ ફતેહગઢ ડેમ ભરવામાં આવ્યા છે તો રાપર શહેર માટે નગાસર તળાવ ભરવા મા આવેલ છે જે પાણી પંદર વીસ દિવસ ચાલે તેમ છે એટલે આવતા બે અઢી મહિના સુધી પાણી ની રામાયણ જોવા મળે તો નવાઈ નહીં ઉપરાંત નર્મદા યોજના ની તમામ પેટા કેનાલો બંધ કરી દેવામાં આવી છે મુખ્ય કેનાલમાં મોમાઈ મોરા થી સુવઈ સુધી પીવા માટે પાણી રિઝર્વ રાખવામાં આવેલ છે જે પંદરેક દિવસ સુધી ચાલે તેમ છે